

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

માર્ચ - ૨૦૦૬

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સુવાસને યુગપ્રભાવી
કરનાર શ્રીજીમહારાજના આઠમાં વંશજ અને
ધર્મમાર્તંડ સનાતન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના ભાવિ વારસદાર
પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના
૩૩માં પ્રાગટ્ય દિને કોટિ કોટિ વંદના...




સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
તંત્રી : સાધુ દિવ્યસ્વરૂપદાસજી ❖ વર્ષ :- ૧, અંક :- ૧૦, તા. ૨૦-૩-૦૬


## :: સંસ્થાપક ::

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

## :: અધ્યક્ષ ::

પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ - વડતાલ

## :: પ્રયોજક ::

પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આપ જો 'ઈન્ટરનેટ' સુવિધાથી સુવિદિત હો તો
**આજે જ ક્લીક કરો...**
**www.chintansardhar.com**

આધુનિક યુગમાં 'ઈન્ટરનેટ'ની સુવિધાથી આપ ઘેર બેઠા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આશીર્વાત્મક આજ્ઞાથી સરધાર મંદિર દ્વારા પ્રકાશિત 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંકના ઓનલાઈન ગ્રાહક તેમજ ઓનલાઈન અંકને માણી શકશો. અને સાથે સાથે ઓનલાઈન સરધાર મંદિર દ્વારા પ્રસ્તુત પ.પૂ. લાલજી મહારાજની અમૃતવાણી, પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા અન્ય ધુન-કીર્તનની VCD, MP3 & Audio Sassette અને ધાર્મિક પુસ્તકો તેમજ પૂજા-સામગ્રી આદિક સાહિત્ય હવે તમો ઘેર બેઠાં વસાવી શકશો.

## :: લેખો અંગે પત્રવ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

## :: લવાજમના દર ::

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | : રૂા. ૮૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ ૧૩૦ U.S.A. |
| | : £ ૧૦૦ U.K. |

## :: અનુક્રમણિકા ::


| | | | |
|---|---|---|---|
| ૧ | કોટિ કોટિ વંદના...પ્રાગટ્ય ચિંતન | સ્વામી શ્રી ઘનશ્યામદાસજી, સાધુ દિવ્યસ્વરૂપદાસજી | ૨ |
| ૨ | પૂ. સ્વામીનો પત્ર...પ્રેરણા ચિંતન | પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર | ૫ |
| ૩ | જે મમત્વના બંધનથી પર છે તેને નથી સુખ કે નથી દુઃખ...વિચાર વિમર્શ | સાધુ પતિતપાવનદાસ - સરધાર | ૬ |
| ૪ | આત્યંતિક કલ્યાણ...આજ્ઞા-ઉપાસના ચિંતન | સ.ગુ. સ્વામી શ્રી નંદકિશોરદાસજી - ભૂજ મંદિર | ૭ |
| ૫ | ધર્મામૃત...સંત પંચવર્તમાન ચિંતન | સ્વામી આનંદસ્વરૂપદાસજી - સરધાર | ૧૦ |
| ૬ | આપણે કોના આશ્રિત છીએ ?...સંસ્કૃતિ ચિંતન | સાધુ યોગેશ્વરદાસ - સરધાર | ૧૨ |
| ૭ | મંદિરો શા માટે...?મંદિર મહિમા ચિંતન | સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી- સરધાર | ૧૪ |
| ૮ | સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન... ઉપાસના ચિંતન | સાધુ જ્ઞાનવલ્લભદાસ - સરધાર | ૧૬ |
| ૯ | મોક્ષના દાતા : ધર્મવંશી ગુરુ.... આચાર્ય મહિમા ચિંતન | સાધુ ધર્મવલ્લભદાસ - સરધાર | ૧૮ |
| ૧૦ | પુરુષોત્તમપ્રકાશ વિવેચન...શાસ્ત્ર પરિચય ચિંતન | સ્વામી કૈવલ્યસ્વરૂપદાસજી - સરધાર | ૨૦ |
| ૧૧ | વાણીમાં વિવેક જરૂરી છે...વાણી વિવેક ચિંતન | સાધુ નિર્દોષસ્વરૂપદાસ - સરધાર | ૨૨ |
| ૧૨ | શ્રીહરિનું મંદવાણ ગ્રહણસ્થાન...તીર્થ મહિમા ચિંતન | પૂ. પુરાણી શ્રી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા | ૨૩ |
| ૧૩ | મોહનવરને માન સંગાથે વેર...દોષ નિરૂપણ ચિંતન | પાર્ષદ જનમંગલ ભગત - સરધાર | ૨૪ |
| ૧૪ | સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન...બાલ-યુવા સત્સંગ ચિંતન | પાર્ષદ રાજુ ભગત તથા મયુર ભગત - સરધાર | ૨૬ |
| ૧૫ | સત્સંગ સમાચાર પત્રિકા...સંકલિત | સંકલિત | ૨૯ |


## :: લવાજમ અંગે ગ્રાહક પત્રવ્યવહાર ::


શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhar.org ◆ E-mail : amrutdhara2003@yahoo.com

# લાખો યુવક-હૃદયના ધબકાર, પૂર્ણપ્રભાસ પ્રજ્ઞા અને પુણ્યપ્રેય શ્રેય
# પ. પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી
# ૩૩મા પ્રાગટ્યદિને કોટિ કોટિ

સં. ૨૦૩૦ ને ફાગણ વદ પાંચમએટલે કે રંગપંચમીના પવિત્ર દિને જન્મ ધારણ કરી, આ કળિયુગ કમઠાણને ઠીકઠાક કરવાનો શોખ લીધો હોય તેમ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ.પૂ. ધ.ધુ. ભાવિઆચાર્ય ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની વૈયક્તિક સિદ્ધિ અને પ્રતિભા અપરંપાર છે. ૫ વર્ષની નાની વયે તેઓ વિદ્યાનગરની આઈ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં દાખલ થયા ત્યારે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ અને પિતાશ્રી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમને સ્કુલે મુકવા સદેહે ઉપસ્થિત રહ્યા હતા એ સંયોગ સાથેજ પૂ. પિતાશ્રીના પગલે પોતાના કર્તવ્ય પંથે હંમેશ સભાન પ.પૂ. લાલજી મહારાજે ઉચ્ચ વિદ્યાભ્યાસની સાથોસાથ વેદ-સંસ્કૃત અને સંપ્રદાયના તેમજ અન્ય શાસ્ત્રોનું પઠનપાઠનમાં પણ કુશળતા કેળવી લીધી છે.

આઠ વર્ષની નાની વયે વડતાલમાં તેઓના યજ્ઞોપવિત સંસ્કારનો ભવ્ય ઉત્સવ કર્યો હતો. ૭૦૦ બ્રાહ્મણોની વરુણી સહિત ૩૦૦ વિદ્વાન બ્રાહ્મણોની હાજરીમાં અન્ય ૨૦૦ બ્રાહ્મણ બટુકોને તેમના ઉપવિત્ત સંસ્કારની સાથોસાથ જનોઈ ધારણ કરાવવામાં આવી હતી. અને આ પ્રસંગે ૨૦૦ કુંડી હરિયાગમાં ૧ કરોડ મંત્રની આહુતિ પણ અપાઈ હતી. આવા દિવ્ય સંસ્કારો જેઓને પ્રાપ્ત છે તે પૂ. લાલજી મહારાજે એ જ વર્ષે પ.પૂ. પિતાશ્રી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ અને દાદા શ્રી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજના વિદેશ પ્રવાસ દરમ્યાન મહેમદાવાદ, ગોધરા, ખાંધલી, જેતપુર, બોરસદ વગેરે ગામોમાં સત્સંગ પ્રચાર કરી આટલી નાની વયે અનેક સભાઓ સંબોધી હતી. આટલી નાની ઉંમરમાં શ્રીજી મહારાજ પછી પ.પૂ. લાલજી મહારાજ સિવાય અન્ય કોઈએ સત્સંગ-કાર્ય કર્યાનું સંપ્રદાય ઈતિહાસમાં જોવા મળતું નથી.

તેઓની ૧૧ વર્ષની વયે તેમના પિતાશ્રી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજનો વડતાલ ગાદી પીઠાધિપતિરૂપે પટ્ટાભિષેક થયો ત્યારે તે જ સમયે વર્તમાનમાંથી નિવૃત્ત થતાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજે લાખો હરિભક્તોની હાજરીમાં ઘોષણા કરી, ઉચિત સમયે અન્ય આચાર્ય શોધવા ન પડે તે માટે ભાવિઆચાર્ય તરીકે પ.પૂ. લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજને લેખાવી તેમની આરતી ઉતારી હતી એ ઐતિહાસિક ક્ષણ અને હકીકત આજના સમયમાં મૂલવતાં- લાગતા વળગતાને આચાર્યપદનો વિવાદ ઊભો કરવાનો કોઈ અધિકાર નથી.

તેઓએ ખાનદેશ, માલેગાંવ, જલગાંવ, ભૂસાવાળ, બુરહાનપુર, સાવદા, દાહોદ તેમજ સોરાષ્ટ્ર, કાઠીયાવાડ, સોરઠ, ગોહિલવાડ વગેરે પ્રદેશોમાં પણ અનેકોનેક વખત પ્રવાસ કરેલ અને સત્સંગ જનજાગૃત્તિ અને ધર્મોપદેશને પ્રાધાન્ય આપી લાખો હરિભક્તોના હૃદયમાં અવિચળ સ્થાન મેળવ્યું છે. પ.પૂ.લાલજી મહારાજે શ્રીમદ્ ભાગવત્, રામાયણ, ભગવદ્ગીતા, મહાભારત, વેદ અને શ્રી સત્સંગિજીવન આદિક વગેરે સંપ્રદાયના શાસ્ત્રોનું ગહન-વાંચન-અધ્યન-ચિંતન કરી, સંપ્રદાયમાં સાક્ષર ભાવિઆચાર્યના મોભાને વિસ્તાર્યા છે. તેમ લખવામાં કશું અજુગતું નથી.

વિદ્વાન સાક્ષરવર્ય કાશી પંડિત અને રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત તેમના પ.પૂ. નાના શ્રી બદ્રિનાથ શુકલ અને દાદા શ્રી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજની પાસે પણ તેઓએ સંસ્કૃતનું સમૃદ્ધ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. સંપ્રદાયમાં હાલના સમયે તેમની કોટિના કોઈ જ્ઞાની અભ્યાસુ ધર્મકુળની વ્યક્તિમાં નથી. આવા સમયે આવી મહાન વિભૂતિની ઉપેક્ષા કરનારા તત્ત્વો કેટલા વામણા લાગે ...!! છેલ્લા ૨ ૨ વર્ષ દરમ્યાન તેઓ ૭,૦૦૦ ઉપરાંત ગામોના પ્રવાસ દ્વારા અનેક સત્સંગી હરિભક્તોને દર્શન-સત્સંગ અમૃતવાણીનો લાભ આપી ચૂક્યા છે. ઉપરાંત અનેક અનુયાયીના વ્યવસાયી સંસ્થાનોના ઉદ્‌ઘાટનો પણ કરી ચૂક્યા છે.

૧૯૯૧માં તેઓ અમેરિકા, યુ.કે અને કેનેડા જેવા દેશોનો પ્રવાસ કરી શિકાગો અને ડલાસ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લઈ ભારતીય સંસ્કૃતિ, સભ્યતા અને પરંપરા ઉપર અંગ્રેજીમાં વિદ્વતાસભર પ્રવચનો આપી, દેશી-વિદેશી આશ્રિતોના હૃદયમાં ઊંચુ મૂલ્યાંકન કરવુ પડે તેવું સ્થાન






## માર્ગના પ્રદાતા તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સુવાસને યુગપ્રભાવી કરનાર

## મહારાજ (પ.પૂ. લાલજી મહારાજ - વડતાલ)ના

# વંદના... ફાગણ વદ - ૫ (રંગપંચમી)

મેળવ્યું હતું.

જનસમાજ અને રાષ્ટ્રના ઉત્થાન કાજે રચનાત્મક પ્રવૃત્તિઓમાં પણ પ.પૂ. લાલજી મહારાજનું અનેરુ પ્રદાન રહ્યું છે. અખિલ ભારતીય દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળોની તેઓએ ૩૫૦થી વધુ સ્થાપના કરી કરાવી, યુવાનોને માર્ગદર્શન આપવાનો ભરપૂર પ્રયાસ કર્યો છે. જે પૈકીના લગભગ તમામ મંડળો જનસેવા, શિક્ષણ સહયોગ, વૃદ્ધસેવા અને મેડીકલ કેમ્પ, વ્યસનમુક્તિ, રક્તદાન, ચક્ષુ શિબિર, આપત્તકાળે સેવા સહાય જેવા રચનાત્મક કાર્યો હાથ ધરી જનસમાજમાં માનવતાવ્રત ને ઉજાળી એક જવાબદાર નાગરિકની ભાવનાને વિસ્તારી રહ્યા છે.

૧૯૯૭/૯૮માં ખેડા જિલ્લામાં આવેલા ભયંકર પૂર સમયે તેઓએ પોતાના પૂ. જીજાજી અને લશ્કરી અધિકારી મેજર રાવ સાથે હોડકામાં પ્રવાસ કરી ખેડા જિલ્લાના ગામડાઓના પૂરગ્રસ્ત લોકોને યથાશક્ય સહાય દિવસો સુધી પહોંચાડી હતી. તે દરમ્યાન તેઓ લોકોના દુઃખ દર્દથી ગમગીનીમાં ગરકાવ થઈ જતા અને પોતાના બાંધવોની જેમજ તેમની સેવા-સૂશ્રૂષા કાજે પોતાનું અસ્તિત્વ જ વિસરી જતા, આવું પરોપકારી યુવા નેતૃત્વ સંપ્રદાયને રૂડું અને અનિવાર્ય લાગે તેમાં નવાઈ શાની ?

વડતાલ-ગઢડા-જૂનાગઢ-ધોલેરા એમ ચારધામની ૧૧૦૦ કિ.મી. લાંબી રેલી દ્વારા સદ્ભાવ તથા સૌનું કલ્યાણ થાય તેવી ભાવના સાથે વિચર્યા હતા. જેમાં હજારો યુવાનોએ ૩૫૦ ઉપરાંત સ્કુટર અને ૬૦થી વધુ કાર સાથે જોડાયા હતા. ૫૦ કિ.મી. પછી સભા સંબોધન કરી લાખો હૈયામાં ટાઢક વળે તેવા અમૃતવચનો દ્વારા વિદ્વતપ્રભા પ્રગટાવી હતી. જે પ્રવૃત્તિની ગુજરાત સરકારે પણ બિરદાવી હતી.

તેઓએ યુવાનોની વિશાળ શિબિરો સરધાર, ખેડા, વડતાલ આદિક સ્થાનોમાં યોજીને પણ સત્સંગની સેવા કરવાનો નિષ્ઠાવાન પ્રયાસ કર્યો હતો. શાસ્ત્ર સંમત જ્ઞાનથી ભૂષિત પ.પૂ. લાલજી મહારાજ ધર્મ, સત્ય અને સિદ્ધાંત કાજે વ્યક્તિગત સ્વાર્થથી પર રહી સેવા મૂલ્યને વિસ્તારતા રહ્યા છે. તેમના આદર્શરૂપે તેઓ તેમના પ.પૂ. પિતાશ્રી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા દાદા પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજને મૂલવે છે. વળી વિનમ્રતા અને સ્વાભિમાન સાથે સમાજની સેવા કરતા રહેવાથી મળેલા પૂર્ણ સન્માન છતાં પણ અભિમાનમાં ન છકી જવાના પ.પૂ. પિતાશ્રીના આદેશને તેઓ વળગી રહે છે. તેમજ માતા-પિતા અને ધર્મપ્રતિ પ્રામાણિકતાથી કર્તવ્યનિષ્ઠ રહેવાની તેઓની પ્રતિબધ્ધતા પણ પ્રસંશનીય છે. તેઓનું સમગ્ર જીવન સમાજને સમર્પિત છે. અંગત કાર્ય માટે તેઓની પાસે ઘણો ઓછો સમય બચે છે. વળી લોકો ઉપર આંધળો વિશ્વાસ મૂકી દેવાની તેમની ભાવનાથી પણ તેઓની તકલીફો વધે છે. છતાં વિનમ્ર હૈયે ભગવાન શ્રીહરિમાં શ્રદ્ધા ધરાવતા પ.પૂ. લાલજી મહારાજ ક્યારેય કોઈને દોષ દેતા નથી.

જીવન દર્શનના ૩૦ વર્ષ પછી પણ આજે તેઓ ધર્મપાલન અને વહન માટે તેમના માતૃશ્રી (પ.પૂ. ગાદીવાળા)એ તેમને એક પગે ઊભા રહીને ૧૧ માળા કરવાની કરેલી સજા અને એક વખત આરતીમાં ઉપસ્થિત ન રહેવાથી ૫૧ વખત કરવા પડેલા દંડવત્ કયારેય ભૂલાવી શકે તેમનથી. આવા ધર્મભીરુ, સુસંસ્કારી, સારસ્વત, યુગપ્રભાવી સંપ્રદાય ભૂષણ - મહાપ્રતાપી આપણા પ.પૂ. લાલજી મહારાજના અનેક પૈકીના થોડા મર્મગ્રાહી અસ્તિત્વનો ચિતાર અત્રે આપી આ અલ્પ બુદ્ધિ કલમને વિનમ્ર પ્રયાસ કરી આ શ્રદ્ધેય ધર્મપુરુષને મૂલવવાની તક સાંપડી છે તે બદલ પ.પૂ. લાલજી મહારાજના ચરણકમળે નતમસ્તકે પ્રાર્થના અને તેઓના દિવ્યજીવન માર્ગ નિરંતર સુયશસિદ્ધિના યશોગાન થાય તેવા સરળદાયી સંકલ્પો સાકાર થાય તેવી અભ્યર્થના સહ પ.પૂ. લાલજી મહારાજના ૩૩માં પ્રાગટ્ય દિને કોટિ કોટિ વંદના સહ જય શ્રી સ્વામિનારાયણ...









# પ.પૂ. લાલજી મહારાજ વડતાલના
# ૩૩મા પ્રાગટ્યદિને કોટિ કોટિ વંદના...



પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિના કુળે ખીલ્યું, આનંદ
એવો વ્યાપ્ત છે વડતાલ ધામે પ્રાગટ્યા લાલજી.
લાભની ઘડીને જેવું માગ્યું આવી મળ્યું ભાગ્યશાળી
ધર્મકુળે પિતા અજેન્દ્રપ્રસાદ જેવા સમર્થ બાપજી.
ભાગ્યશાળી ધર્મકુળે પિતા અજેન્દ્રપ્રસાદ જેવા સમર્થ બાપજી.
લલાટ શોભે તિલક કુમકુમ મઢ્યું, માત પણ
આપે આશિષાને રાખે સ્નેહ ભરી કાળજી.
જીવનભર હોય ધર્મરત પૂણ્ય ઢળ્યું, પૂષ્પેન્દ્ર
જેવા ભ્રાતા ને ભગિની વજુબાના ભાઈજી.
મલકમાં મહેંકી રહે સુવાસે વધ્યું, સત્સંગ
કાજે હરપલ તત્પર એ અમારા ભાગ્યજી.
હાર પહેરી હારમાને ના કદી આ મેં કર્યું,
પૂષ્પો તણાં કર્મને માનવરૂપે દિપાવે જ્ઞાનજી.
રાજકાજ ને સાનિધ્ય પ્રભુનું સાંપડ્યું,
સત-સહસ્ત્ર લક્ષને કોટિ ભક્તજનનો આખરી મુકામજી.
જનક જનનીના સંસ્કાર વારસાનું મૂલ્ય ઘણું,
આચાર્ય ભાવિરૂપે પૂજાયા આ જગતમાં શ્રી બાળજી.
નેત્રમાં વસી અમીને જીભે સરસ્વતી ખરી, હૃદયમાં
ભરી પ્રેમહેત ને સો કાજ વિતાવે, ચિંતવે અખંડ રાતજી.
હૃદયમાં ભરી પ્રેમહેત ને સો કાજ વિતાવે, ચિંતવે અખંડ રાતજી.
કોયલ કંઠને વળી ગ્રીવા મધ્યમાળા શોભતી, હસ્તમાં
રહે માળ હરિનીને મનમાં રટે શ્રી ઘનશ્યામજી.
હસ્તમાં રહે માળ હરિનીને મનમાં રટે શ્રી ઘનશ્યામજી.
ટીલક પૂણ્ય ઉર્ધ્વને સોહાય રળિયામણું,
લાલજી તમારું રૂપ જોઈને ઉપજે ઘણાને વ્હાલજી.
કોક હોય કંસ સમાને કંકાસયા ચંડાળજી,
એ અવગતિયાઓ તણા સંહાર કાજે પ્રગટ્યા હશો ઓ શામજી.
ટિક ટિક કરતી વહેતી આ ઘડી, અમારા પ્યારા
ગુરુને આચાર્યરૂપે તમે જ અમારા વરદાનજી.
અમારા પ્યારા ગુરુને આચાર્યરૂપે તમે જ અમારા વરદાનજી.
વંદુ સદાયે વિશાળ મન ભાવથી, શ્રીહરિના ગુણલાં
ને ભક્તિ તમારા ચરણે મસ્તક નમે સઘળો ભારજી.
દર્શન, મનન, ચિંતન અને સ્મરણ કરું લાડથી,
તમે જ અમારા ભાગ્ય દાતાને વિધાતા છો પણ આધારજી.
નામ તારું કામને વિસ્તરે નિત્ય લાલજી,
બત્રીસ લક્ષણાને પ્રાગટ્ય દિને કરીએ વંદન કોટિએ ભાવજી.

**લી. આપના ગુણાનુરાગી સમસ્ત દક્ષિણ વિભાગ સત્સંગ પરિવાર**

**પ્રેરણા ચિંતન**

# પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનો પત્ર

સત્સંગના લાડીલા સર્વે હરિભક્તોને ઘણાજ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

વ્હાલા ભક્તજનો ! ભગવાને કૃપા કરીને આપણને માણસનો દેહ આપ્યો છે. પોતાના સમકક્ષ સ્વરૂપ આપ્યું અને સાથે બુદ્ધિતત્ત્વ આપ્યું છે માટે જો ભગવાન ન ભજીયે તો આપણા જેવો કોઈ ગાંડો ન કહેવાય. માટે ખબડદાર બની ભજન કરી લેવું. અને સ્વામીએ વાતોમાં પણ એક બહુજ સરસ વાત લખી છે કે 'પેટનું, વેઠનું અને ઠેઠનું તેમ ત્રણે વાના કરવા.' માટે જોજ્યો : 'રખેને પેટનું ને વેઠનું કરતા રહીએ અને ઠેઠનું કરવાનું બાકી ન રહી જાય, નહિ તો જીવ ઉપર જુલમથાશે.' કારણ કે જગતમાં મોટા ભાગના લોકો પ્રથમના બે કાર્ય કરવા રહે છે અને ત્યાં તો જવાનો સમય થઈ જાય છે. માટે તો સદ્. દેવાનંદ સ્વામીએ આપણને ટકોર કરી છે : હે આત્મા!

**તારા મનમાં જાણે મરવું નથી રે,**
**એવો નિશ્ચે કર્યો નિરધાર. તેમાંo**
**પાપ અનેક જન્મના આવી મળ્યા રે,**
**તારી મતિ મલિન થઈ મંદ. તેમાંo**
**દેવાનંદના વહાલાને વિસરી ગયો રે,**
**તારે ગળે પડ્યો જમફંદ. તેમાંo**

આ ટકોર સ્વામીએ મને જ કરી તેમ જો મનાય તો ભજન કરવાનું તાન લાગે.

જો કે કોઈ જન્મમાં આપણને તે તાન લાગ્યું નહિ હોય તેથી તો આ ભવાટી ભટકણ શરૂ રહ્યું છે. પરંતુ નક્કી નિરધાર કરજ્યો કે આ જન્મ તો છેલ્લો જન્મ થઈ જાય તેમજ કરવું છે.

"ક્યારેક બની શકે છે કે વાદળાને કારણે સૂર્યનું તેજ ન પણ જણાય. પરંતુ વાદળા સદૈવને માટે કદી રહેતા નથી અને વાદળા વિખરાતા સોળેકળાએ ખીલેલ સૂર્યના દર્શન થાય છે.' તેમ આજે સંપ્રદાયમાં થોડા વાદળા જણાય છે, પરંતુ એક દિવસે સંપ્રદાયમાં સોળેકળાએ યુક્ત સૂર્ય જરૂર ઊગશે."

અને મોક્ષની બાબતમાં આજ્ઞા-ઉપાસના-સિદ્ધાંતો-ભજન વગેરે ઘણા સાધનની પૂર્તિ પછી શક્ય બને તેમ લાગે છે. પરંતુ બહુ વિચારતા મોક્ષ પરત્વે નિશ્ચયનું બળ જ વરને સ્થાને જણાય છે. શ્રીજી મહારાજે પણ વચનામૃત ગ.પ્ર. ૩૩માં એક દૃઢ આશરો મોક્ષનો મુખ્ય હેતુ બતાવ્યો છે. પરંતુ તે આશરો કેવો હોવો જોઈએ ? તો તેમાં કોઈ પ્રકારની પોલ ન હોય, ગમે તેવા દેશકાળમાં પણ એક ભગવાન શ્રી સ્વામિનારાયણ સિવાય બીજું કોઈ કર્તા ન મનાય. નહિ તો જીવાત્માની એ સ્થિતિ છે કે થોડોક દેશકાળ વ્યાપે અથવા શાસ્ત્રના શબ્દને સાંભળે તો તુરંત મતિ ભમવા લાગે છે. પરંતુ ભગવાન શ્રીહરિ તેવા હરિભક્તને વચનામૃત ગ.મધ્ય પ્રકરણના ૯માં 'ભક્ત' કહેવા પણ તૈયાર નથી. તે તો ફક્ત ગુણ બુદ્ધિવાળો છે. પણ ગમે તેવા સંજોગોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ એ સર્વોપરી ભગવાન છે તેમ સમજે તે જ એકાંતિક ભક્ત છે. આટલી મહત્તા ઉપાસનાના બળની બતાવી છે. પણ આ વાત ધર્મને ખોટા કરવા માટે નથી.

પરંતુ પોતાને મળ્યું જે સ્વરૂપ તેની ઓળખાણ કરવા માટે છે. બાકી તો વચનામૃત ગ.પ્ર. ૭૭માં મહારાજ કહે છે : "જ્ઞાન કે ભક્તિનું અવલંબન લઈ જે ધર્મને ખોટા કહે છે અને અમારી બાંધેલી પંચવર્તમાનની મર્યાદા તેનું ઉલ્લઘંન કરશે તે તો પંચમહાપાપી કરતા પણ વધારે પાપી છે. અને ગુરુદ્રોહી તેમજ વચનદ્રોહી છે." માટે મોક્ષમાં દરેક તબક્કાનો વિચાર કરવો.

અને એક સાચા ભક્ત બની મહારાજની સેવામાં અખંડ રહી શકાય તેવા સ્વભાવ પાડવા. જેનું મન મહારાજની મૂર્તિમાં ઠરીને ઠામ થાય છે તે સર્વેથી શ્રેષ્ઠ ભક્ત છે. માટે આપણે પ્રતિક્ષણ વિચાર કરવો કે મારું મન ક્યા રોકાય છે. મને એક મહારાજ જ સર્વે સુખનું ધામ મનાણું છે કે બીજે-ત્રીજે મન હજુ દોડે છે. આ વિચાર જો હાથ આવશે તો તેજ આપણને ભગવાન શ્રીહરિના ચરણો સુધી પહોંચાડી દેશે.

કેટલાક હરિભક્તોને જ્ઞાનની ખોટ હોય છે, જેથી કરી વર્તમાનકાળમાં ચાલતા દેશકાળને કારણે મહારાજને છોડીને અન્યનો આશરય કરવાનો સંકલ્પ કદાચ થઈ જતો હોય. પરંતુ આવો સંકલ્પ થાય ત્યારે વચનામૃત ગ.પ્ર. ૭૪મું વાંચી તેમણે મજબુત થવું જોઈએ. અને વિચાર કરવો જોઈએ કે મને એવા ભગવાન અને સંપ્રદાય મળ્યો છે કે જેના માધ્યમથી હજારો ને લાખો સંતો-ભક્તો બ્રહ્મનિષ્ઠ સ્થિતિને પામી જઈ મહારાજની અખંડ સેવામાં રહી ગયા છે. તો કદાચ બે દિવસ છાંયા-તડકા થાય માટે તેથી કરીને કોઈ સંકલ્પ કરવાની જરૂર નથી. 'ક્યારેક બની શકે છે કે વાદળાને કારણે સૂર્યનું તેજ ન પણ જણાય. પરંતુ વાદળા સદૈવને માટે કદી રહેતા નથી અને વાદળા વિખરાતા સોળેકળાએ ખીલેલ સૂર્યના દર્શન થાય છે.' તેમ આજે સંપ્રદાયમાં થોડા વાદળા જણાય છે, પરંતુ એક દિવસે સંપ્રદાયમાં સોળેકળાએ યુક્ત સૂર્ય જરૂર ઊગશે. તેમ દૃઢ વિચાર કરી મસ્ત બની ભજન કરી લેવું પણ બીજા-ત્રીજા કોઈ સંકલ્પ કરવા નહિ.

આપણને મળેલ આ ષડ્અંગી સંપ્રદાયમાં રહી ભગવાન શ્રી સ્વામિનારાયણને રીજવી લેવા તેજ આપણે અંતિમધ્યેય રાખવો. દુનિયા રીજે કે ખીજે પણ તેની સામે દૃષ્ટિ ન રાખવી તો અખંડ અંતરમાં શાંતિ વર્તશે. અને મહારાજને પામી શકાશે. બસ આટલું કહી મારી વાણીને વિરામ આપું છું.

સંકલન : સાધુ પતિતપાવનદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
સરધાર

# જે મમત્વના બંધનથી પર છે તેને નથી સુખ કે નથી દુઃખ...

## પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના સત્સંગ-પ્રવચનોમાંથી સંકલિત.

વિસ્તરતા શહેરની ઊંચી ઊંચી ઈમારતો વચ્ચે એક નાનકડો બંગલો અડીખમ ઊભો હતો. જતા આવતા કેટલાય લોકોનું ધ્યાન આ બંગલા તરફ જતું હતું. અને શહેરીકરણના આટલા માટો વાવાઝોડા વચ્ચે પણ તેને હજુ સુધી આમ અણનમ ઉભેલો જોઈ તેઓ આશ્ચર્ય પામતા હતા.

એક વેળાએ મધરાતે કોણ જાણે કેમ પણ તે બંગલામાં આગ ફાટી નીકળી અને પળવારમાં આગની જ્વાળાઓ બંગલાને ભરખી જાય તે પહેલાં તેમાં વસતા સર્વ લોકો બંગલાની બહાર આવી ગયા.

બંગલાને ભરખી જતી આગની લપાટો મોટીને મોટી થતી જતી હતી ત્યાં આગ બૂઝાવવા માટેના બંબાઓ આવી પહોંચ્યા અને એટલામાં બંગલાની બાજુમાંથી તેનો વૃદ્ધ માલિક બેબાકળો આવીને હૈયાફાટ રૂદન કરવા લાગ્યો : ‘‘હાય મારી જિંદગીની કમાણી બળી જાય છે, કોઈ આવો અને આ આગને ઠારો.’’ એટલામાં તો આસપાસના ફલેટોમાંથી બહાર આવી ગયેલા લોકો અને રસ્તે જતા આવતા રહ્યા ખડ્યા માણસોનું એક ટોળું બંગલાની પાસે ભેગું થઈ ગયું.

ત્યાં ટોળામાંથી બહાર આવીને એક યુવાન છોકરાએ બાપની પાસે જઈને ધીમેથી કહ્યું : ‘‘આમ રડો નહિ, માથાં પછાડો નહિ. બંગલામાં જે કંઈ ઘરવખરી છે તે સાથે બંગલાનો બમણી કિંમતનો વીમો આપણી પાસે છે. તેનો કલેઈમઆપણને મળશે ત્યારે આપણને તો ઊલટાનો ફાયદો જ થવાનો છે.’’

વાત સાંભળતાની સાથે વૃદ્ધ પિતાની આંખમાંથી વહેતા આંસુઓ રોકાઈ ગયાં અને મોં ઉપર ઉપસી આવેલી ભય અને ત્રાસની રેખાઓ અદૃશ્ય થઈ ગઈ. અને તે વૃદ્ધ શાંતિથી આગની લપાટો જોઈ રહ્યો.

થોડીકવાર થઈ હશે ત્યાં બાપ અને તેમની નજીક ઊભેલા મોટા પુત્ર પાસે આવીને બીજા છોકરાએ ચિંતાતુર અવાજે કહ્યું : ‘‘ભાઈ ! ગજબ થઈ ગયો. વીમાની તારીખ નીકળી ગઈ છે. વીમાનો ચેક તૈયાર છે પણ કોઈ આપવા ગયું જ નથી તેથી ચેક ઓફિસમાં એમનો એમ પડેલો છે.’’

આ વાત સાંભળીને મોટો પુત્ર અત્યંત ચિંતાગ્રસ્ત થઈ ગયો અને વૃદ્ધ પિતા એકદમ આક્રંદ કરવા લાગ્યા ને વળી હૈયાફાટ રૂદન કરવા લાગ્યા.

એટલામાં આગ સમાચાર જાણીને આ પિતાનો ક્યાંક દૂર રહેતો પુત્ર ગાડી લઈને આવી પહોંચ્યો અને પિતા પાસે પહોંચી ગયો. તેણે બીજા બે ભાઈઓ સાથે થોડીક વાત કરી અને તે આખી પરિસ્થિતિ સમજી ગયો અને તેણે શાંતિથી કહ્યુ : ‘‘તમે બધા ખોટી ચિંતા કરો છો. બંગલાના વેચાણનો દસ્તાવેજ બે દિવસ પહેલાં થઈ ગયો તેથી મેં બંગલાના વીમાનો ચેક આપ્યો જ નહિ અને ઘરવખરીના વીમાની મુદત હજુ વીતી ગઈ નથી તેથી આપણને બધા પૈસા મજરે મળવાના છે. માટે ઊલટાનો આપણને તો ફાયદો જ થવાનો છે.

આ રીતે પેલા દીકરાની વાતથી વળી પાછા વૃદ્ધ શાંત થઈ ગયા અને નિરાંતે બંબાવાળાઓ પાસે જઈને આગ બૂઝાવવાની સૂચનાઓ આપવા લાગ્યા. એટલામાં આગ કાબૂમાં આવી ગઈ હતી અને બંગલાને પણ કંઈ ખાસ નુકસાન થયું ન હતું.

વ્હાલા ભક્તજનો ! હવે જરા વિચારો બંગલો તો ત્યાંનો ત્યાં જ, જેમ હતો તેમજ ઊભો છે. આગ લાગી ત્યારે જે પરિસ્થિતિ હતી તેવી જ પરિસ્થિતિ અત્યારે પણ છે. તે દરમ્યાન પેલા વૃદ્ધ પિતાએ કેટલુંય આક્રંદ કર્યું, વળી પાછા શાંત થઈ ગયા અને વળી પાછા રડવા લાગ્યા અને વળી આનંદમાં આવી ગયા તેનું શું કારણ ? તેનો તાત્ત્વિક અર્થ એ થયો કે વૃદ્ધ માણસના રડવાનું કારણ બંગલો ન હતો પણ બંગલા તેમજ મિલકત પરત્વેનું તેમનું મમત્વ હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંત્ય પ્રકરણના છેલ્લા વચનામૃતમાં કહે છે :

‘‘દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્ત્વ બુદ્ધિ એજ માયા છે તે એ માયાને ટાળવી. અને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય. અને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતી કરવી એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે; તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો.’’

માટે જે ભક્ત એવી રીતે કરશે તેજ સુખી થશે અને બીજા સુખી થશે નહિ.

બંગલો પોતાનો છે વીમો છે, વીમો નથી, નુકસાન થઈ

અનુસંધાન પાન નં. ૨૫

## પ્રકરણ - ૪

જેમને ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વપ્નમાં દર્શન થઈને
આ ગ્રંથ રચવાની આજ્ઞા કરી છે એવા ભૂજ મંદિરના
સ.ગુ. સ્વામી શ્રી નંદકિશોરદાસજી રચિત

# આત્યંતિક કલ્યાણ

કુપાત્ર ઉપર પરમાત્મા કે મોટા પુરુષ કૃપા કરે-તેને પ્રભુતા કે ઐશ્વર્ય આપે તો પણ તે તેનો દુરૂપયોગ કરે. મહાભારતમાં એક શ્વાનનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.... એક મહાન નિર્જન વનમાં તપસ્વી મહર્ષિ રહેતા હતા. તેમની અહિંસા ને સમદૃષ્ટિ જોઈ વનવાસી સર્વ પ્રાણીઓ તેમની સમીપમાં આવી બેસતાં હતાં ને તે ઋષિના શિષ્યોની અથવા દાસોની પેઠે તેમને આજ્ઞાપરાયણ રહેતાં હતાં અને રાત્રિ સમયે પોતાના સ્થાને ચાલ્યાં જતાં હતાં. પરંતુ એક કૂતરો એ મહર્ષિનો ક્યારે યે ત્યાગ કરતો ન હતો. તેની તપપરાયણતા ને સ્નેહવૃત્તિથી મહર્ષિ તેના પર પ્રસન્ન થઈ ગયા. એક વખતે ઋષિની પર્ણકુટીમાં કૂતરો બેસી રહ્યો હતો તેની નજીક એક દીપડો કૂતરાના માંસની ઈચ્છા રાખતો આવ્યો. ભયભીત કૂતરાએ ઋષિ પાસે રક્ષણ માગ્યું. ઋષિએ અભય આપતાં કહ્યું, 'તું કૂતરાનું રૂપ ત્યાગ કરી દીપડો બની જા.' તે પછી વાઘ આવ્યો ત્યારે ઋષિએ કૂતરાને વાઘ બનાવી દીધો; મદમત્ત હાથી આક્રમણ કરવા આવ્યો ત્યારે ઋષિએ તેને હાથી બનાવ્યો; સિંહ આવ્યો ત્યારે સિંહ અને શરભ આક્રમણ કરવા આવ્યો ત્યારે શરભ બનાવી દીધો ! ! ! પરંતુ તેનું પરિણામએ આવ્યું કે શરભ બનેલો કૂતરો પ્રાણીઓનું માંસ ખાઈ હૃષ્ટપુષ્ટ બની ગયો હતો. અને છેવટે કૃતઘ્ની શરભે તે દયાળુ ઋષિને મારી નાખવાનો સંકલ્પ કર્યો. પણ તેનો મનસૂબો ઋષિએ પોતાના યોગબળથી જાણી લઈ કહ્યું : 'તું અંતે તારી જાત ઉપર ગયો ! ! ! જા, ફરીથી તું કૂતરો જ બની જા.' પછી તો એ દીન બની ગયો. પણ ઋષિએ તેને કૃતઘ્ની જાણી તપોવનમાંથી હાંકી મૂક્યો.[1] આ આખ્યાન અનાદિ મુક્ત સ૦ ગુ૦ મુક્તાનંદ સ્વામીએ સત્સંગ-શિરોમણિ ગ્રંથમાં પદ્યરૂપે વણી લીધું છે ને તેમાંથી સાર તારવતાં ગાયું છે :-

**'યું કુલ બિન શુભ ગુન બિન, પ્રભુતા પાવત કોઉ, નીચ નીચાઈ ના તજે, હોત કૃતઘ્ની સોઉ.'**[2]



શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ સેવકરામનામના એક સાધુનો વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતાં માર્ગમાં કૃતઘ્ની જાણી ત્યાગ કર્યો હતો.[3] પોતાના આશ્રિતોને પણ શ્રી સ્વામિનારાયણ ભગવાને ચેતવ્યા છે : 'कृतघ्नसङ्गस्त्यक्तव्यः॥' મારા આશ્રિતોએ કૃતઘ્નીના સંગનો ત્યાગ કરવો.[4]

કાચી સમજણ હોય, પાત્રતા વિકસી ન હોય-અધિકારી ન બન્યો હોય, તો મોટા પુરુષો તેની આકાંક્ષા સંતોષવા તત્ત્વજ્ઞાનની વાર્તા કહે ખરા, પણ એક રૂપમાં રહેલા સિદ્ધાંતને ગુપ્ત રાખવા માટે બીજી રીતે કહેવા રૂપ પરોક્ષવાદથી તત્ત્વનિરૂપણ કરે. આ વિષયમાં શ્રીમદ્ ભાગવતમાં એક આખ્યાનક છે. એક દિવસ નવયોગેશ્વરો નિમિરાજાના યજ્ઞમાં ગયા. તે વખતે તે રાજાએ 'કર્મયોગનું શું સ્વરૂપ છે ?' એવો પ્રશ્ન પૂછ્યો અને સાથે સાથે જણાવ્યું કે 'આ પ્રશ્ન સનકાદિક મુનિઓ જ્યારે મારા પિતા ઈક્ષ્વાકુ પાસે આવેલા ત્યારે મેં તેમને પૂછેલો; પરંતુ તેમણે મને ઉત્તર આપ્યો ન હતો તેનું શું કારણ હશે ?' સનકાદિકોએ ઉત્તર કેમ આપ્યો નહિ તેનો ખુલાસો કરતાં આવિર્હોત્ર નામના યોગેશ્વરે કહ્યું :-

"વેદ સાક્ષાત્ ઈશ્વરનું સ્વરૂપ છે; કારણ કે તે ઈશ્વરથી પ્રાદુર્ભાવ પામ્યા છે. વેદની શ્રુતિઓના અર્થ કરવામાં મોટા મોટા વિદ્વાનોની મતિ મૂંઝાય છે. વ્યવહાર માર્ગમાં તો અમુક વ્યક્તિના વાક્યનો અર્થ તે બોલનાર વ્યક્તિના અભિપ્રાય ઉપરથી જાણવામાં આવે છે; પરંતુ જે અપૌરુષેય વાણી છે, જે ઈશ્વરના મુખમાંથી ઉછ્વાસિત રૂપે બહાર આવે છે, તે શ્રોતાની પાત્રતા કે અધિકાર વિના ક્યાંથી ગ્રહણ થઈ

(૧) મહાભારત શાન્તિપર્વ અધ્યાય ૧૧૬-૧૧૭
(૨) મુક્તાનંદકાવ્ય
(૩) વચનામૃત ગઢડા પ્રથમપ્રકરણ ૧૦
(૪) શિક્ષાપત્રી શ્લોક ૨૬

શકે ? એ વાણીને સમજવામાં ધુરંધર પંડિતો ને વિદ્વાનોની મતિ પણ મૂંઝાય છે; તો બીજા સામાન્ય મનુષ્યોની તો શું વાત કહેવી ? તે વખતે તમને બાળક ધારીને તેમણે તમારા પ્રશ્નનો ઉત્તર આપ્યો ન હતો. વળી :-

'परोक्षवादो वेदोऽयं बालानामनुशासनम् ।
कर्ममोक्षाय कर्माणि विद्यत्ते ह्यगदं यथा ॥'

વેદમાં પરોક્ષવાદ છે. વેદમાં કર્મ કરવાની આજ્ઞા કરી છે તે કર્મના બંધનમાંથી મુક્ત કરવા માટે છે; પણ કર્મમાં આસક્ત થઈ અધોગતિ નોતરવા માટે નથી. બાળકને ઔષધ આપવું હોય ત્યારે પ્રથમ તેને પ્રિય એવાં પતાસાં વગેરે સ્વાદિષ્ટ પદાર્થો આપી છેવટે તેને ઔષધપાન કરાવે છે. તેમાં મુખ્ય પ્રયોજન પતાસાં વગેરે સ્વાદિષ્ટ પદાર્થ આપવાનું નથી; પણ ઔષધ આપી બાળકને નીરોગી કરવાનો મુખ્ય હેતુ છે; તેમ પરમાત્મા, મોટા પુરુષો તથા સચ્છાસ્ત્રો સર્વ જીવ પ્રાણી માત્રનું હિત થાય તેવી રીતે અધિકારભેદથી પાત્રતા પ્રમાણે ઉપદેશ આપે છે. ઔષધાલયમાં જુદાં જુદાં ઔષધો હોય, પરંતુ વિચક્ષણ વૈદ્ય જેમરોગીની ચિકિત્સા કર્યા પછી જ યોગ્ય ઔષધ આપે છે, તેવો પ્રકાર જ્ઞાનદાનમાં સામાન્યતઃ જોવામાં આવે છે.[1]

શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના પુરુષોત્તમપણાનું, સર્વ અવતારના અવતારીપણાનું તથા સર્વેશ્વરપણાના જ્ઞાનનું જ્યારે જ્યારે નિરૂપણ કર્યું છે, ત્યારે બહુ જ સંભાળપૂર્વક મુમુક્ષુઓની પાત્રતાનો વિચાર રાખીને જ કરેલું છે. પાત્રતા વિનાનું જ્ઞાન હમેશાં વિરુદ્ધ અસર કરે છે. કીડી ઉપર લાડુ મૂકે, તો કીડી ચગદાઈ જાય અને તેને લાડુના સ્વાદનું સુખ ન આવે; તેવી રીતે પરોક્ષપ્રિય મુમુક્ષુઓને પ્રત્યક્ષ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન તેના અધિકારી થતાં પહેલાં આપવામાં આવે, તો બુદ્ધિભેદ ઉત્પન્ન થતાં સંશયવત્ થઈ તે ઉભયભ્રષ્ટ થાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રીમુખે કહે છે :-

''ભગવાનનો નિશ્ચય થવો તે સૌથી મહા કઠણ છે-તે નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે; માટે કહેતાં બીક લાગે છે, જે શું જાણીએ, વાત કરીએ ને તેમાંથી કોઈને અવળું પડે, ને તેણે જે પોતાના અંગની દઢતા કરી હોય, તે અંગ આ વાતે કરીને તૂટી જાય તો મૂળગેથી જાય.''[2] મુમુક્ષુઓની જેમ જેમ સૂક્ષ્મદષ્ટિ થતી જાય છે અને પ્રત્યક્ષ પરમાત્મા તથા એમના સાધર્મ્યને પામેલા સત્પુરુષોનું માહાત્મ્ય યથાર્થ સમજાતું જાય છે, તેમ તેમ તેની પાત્રતા વધતી જાય છે. તે શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે:-

''ભગવાનના ભજનનો કરનારો જે જીવ, તેની દૃષ્ટિ જેમ જેમ સૂક્ષ્મથતી જાય છે તેમ તેમ એને પરમેશ્વરનું પરપણું જણાતું જાય છે અને ભગવાનનો મહિમા પણ અધિક અધિક જણાતો જાય છે.........''[3]

ગરીબ કે દરિદ્ર મનુષ્યને દૈવવશાત્ કરોડ રૂપિયાનો હીરો મળે અને પછી એ જેમ પોતાની ગરીબાઈ ને દરિદ્રતા વીસરી જાય એટલું જ નહિ પણ એનાં મુખ-નેત્ર આદિ અવયવો ફરી જાય ને શેઠ-શાહુકારના ભાવને પામી જાય, તેમ ભગવાનનું ભજન કરતાં કરતાં મુમુક્ષુની સૂક્ષ્મદષ્ટિ થાય તેમ તેમ ભગવાનનું પરપણું સમજાય ને મહિમા પણ અધિક અધિક જણાતો જાય-પછી એ ભગવદ્ ભાવને પામી જાય એટલે એની પાત્રતા વૃદ્ધિ પામે એ સ્વાભાવિક છે. પાત્રતા જેમ જેમ વૃદ્ધિ પામે તેમ તેમ ભગવાનનો મહિમા વધુ વધુ જાણતો જાય ને સામર્થ્ય પણ વધતું જાય. જ્યારે મુમુક્ષુ જીવરૂપે હતો ત્યારે એનામાં ખદ્યોત જેટલો પ્રકાશ હતો. પછી જેમ જેમ ભગવાનનું ભજન કરતાં કરતાં આવરણ ટળતું જાય તેમ તેમ ખદ્યોતમાંથી ક્રમે ક્રમે મહાતેજ જેવો થાય-એવી રીતે પ્રકાશ, સામર્થ્ય ને સુખ વૃદ્ધિ પામતાં, પરમાત્મા મારા સ્વામી છે ને હું એમનો સેવક છું એ સ્વામી-સેવક ભાવ દઢ થાય છે ને છેવટે એ મુમુક્ષુ પરમાત્માના ભાવને પામી, પરમાત્મા જેવો દિવ્ય સાકાર થઈ, ભાગવતી તનુએ ભગવાનની સેવામાં રહે છે. આવી મહા અલૌકિક પ્રાપ્તિ જેમજેમમુમુક્ષુની પાત્રતા વૃદ્ધિ પામે છે તેમ તેમ થાય છે.

પ્રત્યક્ષ પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય પણ જેમ જેમ મુમુક્ષુની પાત્રતા વધતી જાય છે તેમ તેમ ક્રમશઃ થાય છે. તે નિશ્ચયનો ક્રમવિકાસ દર્શાવતાં શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે :-

''ભગવાનમાંથી મનુષ્યભાવ ટાળીને દેવભાવ લાવવો; પછી બ્રહ્માદિકનો ભાવ લાવવો; પછી પ્રધાન-પુરુષનો ભાવ આવે; પછી પ્રકૃતિ-પુરુષનો ભાવ આવે; પછી અક્ષરનો ભાવ આવે; પછી અક્ષરાતીત એવા પુરુષોત્તમનો ભાવ આવે છે.''[4]

....લોયા ગામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન બ્રહ્મસભામાં વિરાજમાન હતા તે સમયે એવો પ્રસંગ નીકળ્યો કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ-એ ચારનો ઉદય કેવી રીતે થાય ? તેનો ઉત્તર સ્વયં સ્વામિનારાયણ ભગવાને જ આપ્યો પણ છેવટે પાત્રતા ઉપર ભાર મૂકતાં જણાવી દીધું :-

''અને ચારમાં જે ધર્મ છે તે તો કાચી બુદ્ધિ હોય ને પ્રથમ જ કર્મકાંડરૂપ જે સ્મૃતિઓ તેનું શ્રવણ કરે તો ઊપજે (ઉદય થાય) અને જ્યારે ધર્મને વિષે દઢતા થાય ત્યાર પછી ઉપાસનાના ગ્રંથનું શ્રવણ કરે ત્યારે એને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય એ ત્રણે ઊપજે (ઉદય પામે).[5] નિત્યનિર્દોષ ને પરમકૃપાળુ વેદો પણ ભિન્ન ભિન્ન રુચિવાળા આ લોકનાં મનુષ્યોનાં હિત માટે પ્રવર્તેલા

(૧) શ્રીમદ્ ભાગવત એકાદશસ્કંધ અ. ૩ શ્લો. ૪૪ (૨) વચનામૃત લોયા ૧૮ (૩) વચનામૃત સારંગપુર ૧૭ (૪) વચનામૃત લોયા ૧૮ (૫) વચનામૃત લોયા ૯

હોવાથી તે તે મનુષ્યોની પાત્રતા જોઈને કામ્યકર્મોનો પણ આદેશ કરે છે.'' રજોગુણી તમોગુણી મનુષ્યો, પ્રાકૃત તુચ્છ ફળ આપનારાં કર્મો (જે જન્મ મૃત્યુ આપનારાં છે) તેમાં આસક્ત હોવાથી તેમની પાત્રતાનો વિચાર કરીને વેદ પણ તેમને અનુરૂપ સ્વર્ગાદિકના ફળનું અવબોધન કરે છે. જો તેમન કરે તો અનુપાયમાં ઉપાય બુદ્ધિની ભ્રાન્તિથી તે જીવો ભ્રષ્ટ જ થાય. પણ, (ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર અર્જુનને કહે છે) હે અર્જુન, તું તો મુમુક્ષુ છે તો એ ત્રણે માયાના ગુણોથી રહિત થઈ જા-માયાના સત્ત્વ, રજ ને તમએ ત્રણે ગુણોથી અતીત થઈ જા એટલે કે કેવળ શુદ્ધ સત્ત્વગુણને જ વૃદ્ધિ પમાડ પણ મલિન સત્ત્વગુણને વધારીશ નહિ. તે કહ્યું છે :-

'त्रैगुण्यविषयावेदा निस्त्रैगुण्यो भवार्जुन ।'[1]

(૨૩) ભગવદ્ ગીતા અ. ૨ શ્લોક ૪૫ ઉપર અનાદિ મુક્ત સ૦ગુ૦ ગોપાળાનંદ સ્વામીના ભાષ્યના આધારે

આપણે ઉપર જોઈ ગયા કે આ ત્રિગુણાત્મક સૃષ્ટિમાં ભિન્ન ભિન્ન રુચિવાળા મનુષ્યોનું હિત થાય એવી રીતે પરમાત્મા, મહાન પુરુષો અને સચ્છાસ્ત્રો અધિકારભેદથી પાત્રતા પ્રમાણે ઉપદેશ આપે છે : દરેક શાસ્ત્રોમાં તથા હરકોઈ મોટા પુરુષની વાણીમાં તેમજ પરબ્રહ્મ પરમાત્માના સદુપદેશોમાં પરોક્ષવાદ અને પ્રત્યક્ષવાદનો ભેદ આપણને જરૂર માલૂમ પડશે. અવતારી પૂર્ણ પુરુષોત્તમશ્રીસ્વામિનારાયણ ભગવાનના સદુપદેશો સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીશું તો જણાશે કે પરોક્ષવાદ (સામાન્ય સિદ્ધાંત) અને પ્રત્યક્ષવાદ (મુખ્ય સિદ્ધાંત) તેઓશ્રીની તેજસ્વી પરાવાણીમાં ઓતપ્રોત થઈ ગયેલા છે. તેનો વિભાગ પાડી જુદી જુદી રીતે મુમુક્ષુઓને સમજાવવાનું કાર્ય ભગવાનના એકાંતિક ભક્તોનું છે. પરોક્ષવાદ (સામાન્ય સિદ્ધાંત) એ શાસ્ત્રીય માર્ગ છે-એ દૂધને સ્થાને છે, જ્યારે પ્રત્યક્ષવાદ (મુખ્ય સિદ્ધાંત) એ એકાંતિકનો માર્ગ છે-એ ઘૃતને સ્થાને છે. સાચા એકાંતિક ભક્તો દૂધમાંથી ઘી જુદું પાડી આપે છે. મુમુક્ષુ પોતાની મેળે શાસ્ત્રો વાંચે-વિચારે, પણ તેમનાથી પોતાની મેળે તેનું યથાર્થ હાર્દ સમજી શકાતું નથી. તે કહ્યું છે :-

''આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા, તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ; અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા હોય પણ જ્યારે સત્પુરુષ પ્રકટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ સમજવામાં આવે છે; પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.''[2] આત્મા-પરમાત્માના સ્વરૂપ સંબંધી જ્ઞાન ગુરુગમ્ય હોય છે.

અનાદિમુક્ત સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીએ (ભાગવતી પરમહંસ તરીકેની દીક્ષા લેતાં પહેલાં) ગાયું છે :-

'જીવની બુદ્ધિ જાણી ન શકે, એ મોટી અડી;
સદ્‌ગુરુની દૃષ્ટિ જોતાં, વસ્તુ એ જડી રે.'
ધન્ય આજની ઘડી૦
જ્ઞાનકૂંચી ગુરુ ગમસે, ગયાં તાળાં ઊઘડી;
લાડુ,[3] સહજાનંદ નિહાળતાં, ઠરી આંખડી રે.
ધન્ય આજની ઘડી૦[4]

જે જ્ઞાન ગુરુપરંપરાગત પ્રાપ્ત થયું હોય છે તે જ જ્ઞાન પોતાનું તેમજ અન્યનું આત્યંતિક કલ્યાણ કરી શકે છે. સંપ્રદાય એટલે વાડા નહિ પણ શુદ્ધ ગુરુપરંપરાગત જ્ઞાન. તે કહ્યું છે :-

'गुरुपरंपराप्राप्तः सदुपदेशः सम्प्रदायः ।'

'ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલો સદુપદેશ તે સંપ્રદાય'[5] શ્રીમદ્ ભગવદ્ ગીતાના ચોથા અધ્યાયના આરંભમાં, સર્વ કર્મ માત્ર પરમાત્માને અર્પણ કરવાપૂર્વકના કર્મયોગની ગુરુપરંપરા વર્ણવી છે. ઉપનિષદમાં પણ ગુરુપરંપરાગતજ્ઞાન ઉપર જ ભાર મૂકવામાં આવેલો છે. શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં આદેશ કર્યો છે :-

'तस्माद् गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ।
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ॥'

''આત્યંતિક કલ્યાણ પામવાની ઈચ્છાવાળા-તેનું સ્વરૂપ જાણવાની ઈચ્છાવાળા-મનુષ્યે, શાસ્ત્રવિશારદ, વેદપારંગત, બ્રહ્મનિષ્ઠ તથા પરબ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જવું.''[6] શ્રી સ્વામિનારાયણ ભગવાને એકાંતિક ધર્મનું નિરૂપણ કર્યા પછી રહસ્ય ઉચ્ચાર્યું:– ''અને આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો, જે એવા નિર્વાસનિક પુરુષ હોય તેના વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો; અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ. માટે જેની એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય, તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.''[7] સચ્છાસ્ત્રોમાંથી મુખ્ય સિદ્ધાંત (એકાંતિકનો માર્ગ) સમજવો હોય તો એકાંતિકની જ જરૂર પડે. સામાન્ય સિદ્ધાંત (શાસ્ત્રીય માર્ગ) સમજાવનારા પુરુષોની દુર્લભતા નથી, પણ દુર્લભતા તો મુખ્ય સિદ્ધાંત સમજાવનારા એકાંતિકની છે. (ક્રમશઃ)

(૧) વચનામૃત ગઢડામધ્ય પ્રકરણ ૧૩
(૨) લાડુ બારોટ એ બ્રહ્માનંદ સ્વામીના પૂર્વાશ્રમનું નામ હતું.
(૩) બ્રહ્માનંદકાવ્ય પદ ૨૧૯
(૪) શિક્ષાપત્રી શ્લોક ૨૦૭ ઉપરના ધર્મધુરંધર આચાર્ય ચૂડામણિ શ્રી રઘુવીરજી મહારાજના ભાષ્યના આધારે
(૫) શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કંધ અ૦ ૩ શ્લોક ૨૧
(૬) વચનામૃત ગઢડા પ્રથમપ્રકરણ ૬૦

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં
પ્રવર્તાવેલ સંતોના પંચવર્તમાન એટલે

# ધર્મામૃત

(૧) નિર્લોભ (૨) નિષ્કામ (૩) નિઃસ્વાદ (૪) નિઃસ્નેહ (૫) નિર્માન તથા એકાંતિક ધર્મ

સંત પંચવર્તમાન ચિંતન

સંશોધક : સ્વામી આનંદસ્વરૂપદાસજી
(વેદાંતાચાર્ય) સરધાર

## અધ્યાય : ૨ - નિષ્કામી વર્તમાન

કામના દોષોનું અને તેના જયના ઉપાયોનું શ્રીહરિએ સ્પષ્ટ નિરૂપણ કર્યું છે.

જે સ્થાનમાં સ્ત્રીઓની જે જે સ્નાનાદિ ક્રિયા થતી હોય, તે સ્થાનમાં તે તે સ્નાનાદિ ક્રિયાઓ ન કરવી તથા સ્ત્રીના વેષધારી પુરુષને ક્યારેય પણ જોવો નહિ. સ્પર્શ પણ કરવો નહિ. અને તેની સાથે સંભાષણ કરવું નહિ. (૩૭) સ્ત્રીઓની સાથે ક્યારેય ભાષણ કરવું નહિ. સ્ત્રીઓના ગુણો વર્ણન કરવા નહિ તેમ દોષોનું પણ વર્ણન કરવું નહિ. (વિદ્યમાન કેટલીક સ્ત્રીઓને ઉદ્દેશીને ગુણો અથવા દોષો વર્ણન કરવા નહિ તથા સત્શાસ્ત્રોમાં આવેલા સ્ત્રીઓના ગુણ અને દોષોને ત્યાગ કરીને જાણવું) (૩૮) સ્ત્રીને ઉદ્દેશીને વિષ્ણુનું ગુણકીર્તન પુરુષની આગળ ન કરવું. તથા સ્ત્રીના મુખથી હરિની કથા પણ ન જ સાંભળવી. (૩૯) જે શાલગ્રામની પૂજા કરનારી પોતે કેવલ નારી હોય, તે શાલગ્રામના દર્શન માટે ત્યાગીઓએ ક્યારેય પણ જવું નહિ. **योषिद्भिः पूजितं लिङ्गं विष्णुं वापि नमेत्तु यः । स कोटिकुलसंयुक्त आकल्पं रौरवं वसेत् ॥** (આ વચન તો સર્વને સાધારણ છે. તો પણ ધર્મોપદેશ કરનાર ધર્મધુરંધર ત્યાગીઓને અવશ્ય પાળવાપણું જણાવવા માટે અહીં પ્રમાણપણે લખ્યું છે.) (૪૦)

ત્યાગી પુરુષોએ ભિક્ષા વિના અથવા સભાપ્રસંગ વિના ગૃહસ્થના ઘેર જવું નહિ. ક્યારેય કોઈ સ્થાનમાં એકલા જવું નહિ. (૪૧) પોતાનું બ્રહ્મચર્ય નામનું વ્રત, પ્રાણનો નાશ થાય તો પણ ત્યાગ ન કરવું. બ્રહ્મચર્ય વ્રતને ત્યાગ કરાવનારું વાક્ય પોતાના ગુરુનું પણ માનવું નહિ. (૪૨) પોતાના નિવાસસ્થાનમાં સ્ત્રીનો પ્રવેશ કરાવવો નહિ. અને કરવા દેવો પણ નહિ. અન્ન, જળ, પાકની સામગ્રી વગેરે પુરુષો પાસે લેવડાવવી. (૪૩) ત્યાગી સાધુ પોતાના નિવાસના સ્થાનમાં વાળવું, લિંપવું વગેરે પોતાના હાથથી જ કરે. અથવા પુરુષ પાસે કરાવે. ક્યારેય પણ વળાવવું અથવા લિંપવું આદિ, સ્ત્રી પાસે કરાવવું નહિ. (૪૪) જે સ્થાનકમાં સ્ત્રીનો પગફેર પૂર્વે થયેલો હોય તે સ્થળને પુરુષ પાસે લિંપાવીને ત્યાં નિવાસ કરવો. (૪૫) વળી શિશ્ન અને ઉદરમાં આસક્તિવાળા અસત્પુરુષોનો સંગ ના જ કરવો. મુમુક્ષુ ત્યાગીજનોએ સ્ત્રીના સંગની માફક જિહ્વા અને ઉપસ્થમાં આસક્તિવાળાનો પ્રસંગ પણ દૂરથી જ ત્યાગ કરવો. (૪૬) આ લોકમાં મુમુક્ષુ પુરુષોને સ્ત્રીઓ અને કેવળ રસાસ્વાદ પરાયણ તથા કામનામાં આસક્ત અસત્પુરુષોના સંગથી જેવું દૃઢ બન્ધન થાય છે, તેવું બન્ધન બીજાના પ્રસંગથી થતું નથી જ.(૪૭) સ્ત્રૈણ પુરુષ અને સ્ત્રીના સંગથી, બ્રહ્માત્મભાવથી ભગવાનને ભજનારા સિદ્ધો અને મુમુક્ષુઓની સાધુતાનાં જે સમગ્ર ઐશ્વર્યો તે તત્કાલ જ નાશ પામે છે. (૪૮) બ્રહ્મચર્ય, અહિંસા, ઈર્ષ્યાએ રહિતપણું, બાહ્યાભ્યન્તર શુદ્ધિ, ક્ષમા, દયા, સત્ય, મૌન, યશ, બુદ્ધિ, લજ્જા, અસ્તેય, શમ, દમઅને બ્રહ્મચર્યાદિ ગુણો તે શિશ્ન અને ઉદરમાં આસક્તિવાળા, પુરુષોના સંગથી અને સ્ત્રીઓના સંગથી વિનાશ પામે છે. માટે સ્ત્રીઓ અને સ્ત્રૈણ પુરુષોનો સંગ સર્વથા ન કરવો. (૪૯-૫૦) આ પૂર્વોક્ત નિયમો - વ્રતોની સાથે શ્રીકૃષ્ણમાં ભક્તિથી તથા નિષ્કામવ્રતમાં નિષ્ઠાવાળા સાધુઓના સંગથી ત્યાગી સાધુઓ દુર્જય કામને જીતીને પરમસુખ પામે છે. (૫૧) પૂર્વે યયાતિ, ઐલ-પુરૂરવા વગેરે રાજાઓ પણ કામના ત્યાગથી સ્વાભીષ્ટ સર્વોત્તમસુખ પામ્યા હતા જ. (૫૨) આ પૂર્વે કહેલા નિયમોમાંથી જે કોઈ પણ નિયમનો ક્યારેય પણ ભંગ થાય, તો તે નિયમના ભંગનું પ્રાયશ્ચિત્ત પોતાનું હિત ઈચ્છનારા સાધુઓએ તત્કાલ જ કરવું. (૫૩) અજ્ઞાનથી સ્ત્રી-કથાનું શ્રવણ થયું હોય, તો ઉપવાસ કરવો. તે પ્રકારે કીર્તન-કથા સાંભળવામાં આવી હોય તેમજ ક્રીડાના સ્થાનમાં ક્ષણમાત્ર સ્થિતિ કર્યે સતે એક ઉપવાસ કરવો. (૫૪) સ્ત્રીની દૃષ્ટિ સાથે પોતાની દૃષ્ટિને બાંધીને સ્ત્રીનું નિરીક્ષણ કર્યું હોય, પુરુષની સન્મુખ જોઈને સ્ત્રીને ઉપદેશ અજ્ઞાનથી કર્યો હોય તો ઉપવાસ કરવો. (૫૫) પુરુષ દ્વારા એ સ્ત્રીને ગુપ્ત વાત કહેવડાવે તો અને ક્યારેક કામબુદ્ધિથી - મનથી સ્ત્રીનો સંકલ્પ થયો હોય. (૫૬) ક્યારેક પોતાના આત્માને ક્ષણ વાર સ્ત્રીસંગના સંકલ્પને આધીન થયે સતે તથા અજ્ઞાનથી પણ સ્ત્રીના અંગ ઉપર રહેલા વસ્ત્રનો સ્પર્શ થયો હોય, (ધોયેલું ભીનું અથવા સૂકાયેલું અને નવીન વસ્ત્ર વિના બીજું સ્ત્રીએ ધારણ કરેલું હોય, તેનો સ્પર્શ થયો હોય) તો ઉપવાસ કરવો. (૫૭) આપત્કાલ પડ્યા વિના ચાર હાથથી દૂર ચાલવારૂપ નિયમનો ભંગ થયો હોય, તો ઉપવાસ કરવો. (૫૮) તથા અન્ય

અર્થાત્ અજ્ઞાનથી સ્ત્રી કથા-શ્રવણનો ત્યાગ વગેરે કહેલાથી ભિન્ન અને ધાતુ-કાષ્ટાદિથી કરેલી સ્ત્રીઓની પ્રતિમાના સ્પર્શનો ત્યાગ વગેરે પૂર્વોક્ત નિયમોનો ક્યારેક પ્રમાદથી પણ ભંગ થયો હોય તો વિષ્ણુનામના જપથી યુક્ત અહોરાત્રિ ઉપવાસ કરવો. (દરેક નિયમના ભંગમાં એક એક ઉપવાસ કરવો. (૫૯) ક્યારેક પશુપક્ષ્યાદિ મૈથુનનું બુદ્ધિપૂર્વક અવલોકન થયું હોય, તો ત્યાગીએ એક ઉપવાસ કરવો. (પૂર્વ નિયમોમાં આ કહ્યું નથી. તો પણ પ્રાયશ્ચિત્તનું વિધાન કહેલું છે માટે નિયમનું વિધાન જાણવું.) (૬૦) જ્ઞાન-વૈરાગ્યથી જો કોઈ જન ત્યાગી દીક્ષા લેવા આવે તો તેના સંબંધી પત્ની, પુત્રી, માતા આદિક સ્ત્રીજનોનું તે દીક્ષામાં અનુકૂળતા પ્રતિકૂળતા જાણવા માટે શીલ સ્વભાવાદિ અવશ્ય જાણવું પડે, તેને અર્થે તેણીઓના શીલ-સ્વભાવાદિનો પ્રશ્ન પૂછવા માત્રથી ત્યાગીને દોષ નથી. તથા ભિક્ષા નિમિત્તમાં પોતાને નિમંત્રણ કરવા આવેલી સ્ત્રીએ મોકલેલા પુરુષ પ્રત્યે તેણીના જાતિ-નામ, તેણીના ઘરમાં રહેલા મનુષ્યો, તેણીની જીવિકા વગેરેનું પૂછવું સાંભળવું વગેરે કાર્યમાં ત્યાગીને દોષ નથી. તથા પુસ્તક લખાવવા માટે પોતા પાસે કોઈ સ્ત્રી કાગળ વગેરે આપીને કોઈ પુરુષને મોકલે, તેના પ્રત્યે તે નારીનું નામાદિ પૂછવું, તે કાર્યમાં ત્યાગીને દોષ નથી. તથા ભગવાનના મહામંદિરોમાં ભગવત્સેવા માટે ગ્રામાન્તરથી કે દેશાન્તરથી આવેલી અબળાઓને યોગ્ય ઉતારો આપવામાં તથા આવું બીજું કોઈ ધાર્મિક કાર્ય આવશ્યક પ્રાપ્ત થતાં પુરુષદ્વારા સ્ત્રીસંબંધી વચનના શ્રવણ, કથનમાં ત્યાગીને દોષ નથી. પરંતુ આમાં આ વિશેષ જાણવો : જે તે સર્વ કોઈ ત્યાગીઓએ આ વિષયમાં વ્યવહાર કરવો નહિ. પરંતુ પોતપોતાના મંડળમાં જે મુખ્ય ત્યાગી હોય, તેણે જ તે વિષયમાં સાંભળવું અને કહેવું. (૬૧-૬૩) જો મંડળના મુખ્ય થકી બીજો ત્યાગી તે વચન (પુરુષે કહેલું સ્ત્રી સંબંધીવાક્ય) સાંભળે કે તેનો ઉત્તર આપે, તો તે ત્યાગી તત્કાળ સ્નાન કરી અષ્ટાક્ષર મંત્ર ત્રણ વાર જપીને પછી ભગવાન નરનારાયણના નિવાસભૂત ઉત્તર દિશાને પ્રણામ કરે એટલે ઉત્તર દિશા તરફ મુખ રાખીને, હે નૈષ્ઠિકેન્દ્ર ! શ્રી નરનારાયણ પ્રભો ! મારો દોષ નિવારણ કરો. એમકહીને તેમનું સ્મરણ કરીને નમસ્કાર કરે. આ રીતે કરવાથી તે ત્યાગી નિશ્ચે વિશુદ્ધ થાય છે. (૬૪-૬૫) મંડળના મુખ્યે પણ સ્ત્રીવચનનો પ્રત્યુત્તર સાક્ષી વિના કરવો અથવા સાંભળવો નહિ જો કહે અથવા સાંભળે, તો પૂર્વે કહેલું, પ્રાયશ્ચિત્ત કરે. (૬૬) જો વાર્તાના પ્રસંગથી અવશ્ય કહેવા યોગ્યથી અધિક વચન મંડળનો મુખ્ય ત્યાગી કહે, તો સ્નાન કરી હરિનું સ્મરણ કરતા સતા એક દિવસ ઉપવાસ કરે. (૬૭) ત્યાગી-સાધુ જો કામથી પોતાના અથવા બીજાના હાથથી શિશ્નેન્દ્રિયના પરામર્શથી વીર્યપાતન કરે, તો તે ત્યાગીએ ચાર દિવસ ઉપવાસો કરવા. (૬૮) જ્યારે સ્વપ્નમાં વિવશતાથી વીર્યસ્રાવ થાય, તો સવારમાં સ્નાન કરી એક દિવસ ઉપવાસ જ કરે. (૬૯) ભિક્ષા માટે ગામમાં ફરવામાં માર્ગમાં જવા માટે, સ્નાન માટે ગમન કરવામાં અને જળ લાવવા માટે આ કાર્યોમાં પરસ્પર સાથે ગયેલા ત્યાગીઓ બે સાધુ જો જુદા પડી જવાથી પરસ્પર એક બીજાને જુએ નહિ તો તે બન્ને ત્યાગીઓએ એક એક ઉપવાસ કરવો. મળ અથવા મૂત્ર ત્યાગ કરવા ગયે સતે તથા આપત્કાલ પ્રાપ્ત થયે સતે પરસ્પર ના જોઈ શકે તો ઉપવાસ ન કરવો. (૭૦-૭૧) ત્યાગી સાધુએ એકાંત સ્થાનમાં એકલા સ્ત્રીની સાથે સ્થિતિ કર્યે સતે ત્રણ દિવસ ઉપવાસ કરે. અથવા માર્ગમાં એકલી સ્ત્રીની સાથે ગમન કરે તો ત્રણ દિવસ ઉપવાસ કરવો. (૭૨) ત્યાગી સાધુને આઠમું બ્રહ્મચર્ય જે સાક્ષાત્ સ્ત્રી સંગના ત્યાગરૂપ, તે જો કામના પરાધીનપણાથી ભગ્ન થયું હોય, તો તેનું જે પ્રાયશ્ચિત્ત તે હું તમોને કહું છું. (૭૩) આ બ્રહ્મચર્ય વ્રતના ભંગમાં ધર્મશાસ્ત્રોમાં તો મરણાન્ત પ્રાયશ્ચિત્ત કહેલું છે તે હાલ કલિયુગમાં કરવા માટે અશક્ય છે. માટે એક વર્ષથી સાધ્ય વ્રત (જે એક દિવસને અંતરે જમવારૂપ ધારણા પારણા નામનું હું કહું છું એવું વ્રત) કરે પણ મરણાન્ત પ્રાયશ્ચિત્ત ના કરે. (૭૪) એક દિવસે આહારનો ત્યાગ કરે. બીજે દિવસે લવણેરહિત સાથવો દિવસે જ જમે. રાત્રિમાં નહિ, રાત્રિમાં પારણાનો નિષેધ છે. મૌનથી જ એક વાર પીએ. આવી રીતે એક વર્ષ સુધી કરે. (૭૫) લવણ વિનાનો સાથવો પીવા અસમર્થ ત્યાગી પુરૂષ લવણયુક્ત એક જ અન્ન રાંધેલું જમે (ભોજનને દિવસે એમસર્વત્ર જાણવું.) લવણયુક્ત એકાન્ન ભોજનમાં પણ અશક્ત ત્યાગી તો લવણસહિત બે પ્રકારનું અન્ન રાંધેલું જમે. (૭૬) કદાચિત્ રોગથી પીડા પામે તો ત્યાગીએ તે જ આ વ્રત ઉપવાસ રહિત, લવણ વિનાનો સાથવો વગેરેના ભક્ષણરૂપ; વાર્ષિક કરવું. (૭૭) આ વ્રત મધ્યે જો રોગ શાંત થાય કે આપત્તિ શાંત થાય, તો અષ્ટાક્ષર મંત્રનો હજાર વાર જપ કરીને પૂર્વની માફક પોતાના વ્રતને કરે. (૭૮) એક વર્ષ પર્યન્ત આ વ્રતના આચરણમાં અશક્ત ત્યાગી તો એક પાદ ન્યૂન (નવમાસિક) વ્રત કરે. તેમાં પણ અશક્ત ત્યાગી તેથી અર્ધ (છ માસિક) વ્રત કરે. તેમાં પણ અશક્ત તો તે થકી પાદમાત્ર (ત્રણ માસ) વ્રત કરે. પછી તે શુદ્ધ થાય (૭૯) આ એકાંતરા ભોજનરૂપ વ્રત મન અને શરીરની શુદ્ધિ કરનારું પરમપવિત્ર છે. તે વ્રતના અંગભૂત અહિંસા-બ્રહ્મચર્યાદિ નિયમોએ સહિત કરવું. (૮૦) જે ત્યાગી જન તો પૂર્વોક્ત એકાંતરાશન વ્રતમાં અશક્ત હોય, તે તો બદ્રિનારાયણની યાત્રા કરે. તેથી જ તે ત્યાગી તે પાપ થકી નિશ્ચે શુદ્ધ થાય છે. (૮૧) અથવા આ ત્યાગી સાવધાન થઈ એક માસ ચાંદ્રાયણ વ્રત વિધિ પ્રમાણે કરે, તે વ્રતથી સમસ્ત પાતકનો વિનાશ થાય. (૮૨)

આ બ્રહ્મચર્યવ્રતના આઠમા અંગના ભંગરૂપ

**અનુસંધાન પાન નં. ૨૫**

**પ્રેરણા ચિંતન**

સાધુ યોગેશ્વરદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
(સરધાર)

## પૂછો, આપણા અંતરને ! કે...

# આપણે કોના આશ્રિત છીએ ?



**આ**જ્ઞા અને ઉપાસના જેના જીવનમાં કટિબંધ હોય તે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો બત્રીસ લક્ષણો પુરુષ કહેવાય. આવો માણસ પોતાની ખુમારીથી આખી ધરતીને ધ્રૂજાવી શકે. જેના રોમરોમમાં આજ્ઞા અને ઉપાસના ઘરબાઈને ભરેલી હોય તેને દુનિયાની કઈ એવી તાકાત છે કે એની ખુમારીને રોકી શકે.

उन्हे मंझिल नहि मीलती, जो किस्मत के सहारे है ।
है उनकी जिंदगी भी मौत, जो हिंमत को हारे है ॥

ઊંડા ઊતરીને મોતી મેળવવા માટે મરજીવા થવું પડે છે અને ખાલી ખાલી છલકવું હોય તો અધુરાં ઘડાનું પાણી થવું પડે છે. ક્ષુલ્લક ઉદ્દેશો માનવને મારે છે ને ઊંચા ઉદ્દેશો તેને તારે છે. પોતાના જીવનનો દૃષ્ટિકોણ ભગવાનની મોટાઈ તરફ હોય તો ખુમારીથી જીવી જવાય છે.

ભલા ! જેની પાસે કોઈને કોઈ વિશેષતા હોય છે તેનામાં તે બાબતની ખુમારી સહજ રીતે હોય છે. એવી ખુમારી રાખવાનો તેને અધિકાર પણ છે જ. વચ.ગ.પ્ર. પ્રકરણના ૨૪માં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે : ''જેમ 'બાળકના હાથમાં ચિંતામણી દીધો હોય તેનું તેને માહાત્મ્ય નથી એટલે તેનો તેને આનંદ નથી' તેમ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે અને તેનો અંતરમાં આઠોપહોર કેફ રહેતો નથી તે હરિભક્તમાં મોટી ખોટ્ય છે.''

ભગવાન શ્રીહરિનો સ્વયં કેવો કેફ ! જેમણે ૧૧ થી ૧૬ વર્ષની ઉંમરમાં અનાયાસે પ્રાપ્ત થતા ત્રણ ત્રણ રાજ્યોની, ચાર ચાર કન્યાઓની અને મબલખ સમૃદ્ધિ સાથે અફાટ સત્તાઓની ઓફરોને પણ લાત મારીને ફંગોળી નાખી.

સદ્. મુક્તાનંદ સ્વામીની કેવી ખુમારી ! દ્વેષી બાવો નાક-કાન કાપવા છરો ઘસે, બ્રહ્માનંદ સ્વામી કહે : ''સ્વામી ! હમણા આપણા નાક-કાન કપાશે, આપણી આબરુના લીલામ થશે અને લોકમાં આપણું ભૂંડું દેખાશે.'' ત્યારે ખુમારીના રણકાર સાથે સ્વામીએ કહ્યું : ''અરે બ્રહ્મમુનિ ! અનેક જન્મથી બાયડી-છોકરા માટે નાક-કાન કપાવ્યા છે. પરંતુ આ વખતે તો ભલે થઈ જાય ભગવાન શ્રી સ્વામિનારાયણને માટે...!!! નાક-કાન કપાય તોપણ લેખે જ છે.

ખુમારી એ બહુ મોટો ગુણ છે.

ખુમારી એટલે ધગધગતું સત્ત્વ.

આર્યદેશની પ્રજાનાં લોહીમાં જ સત્ત્વ સદા ધગધગતું હતું. માતાઓ સંતાનોને પોતાના સાત્ત્વિક સંસ્કાર યુક્ત દૂધ પાતી કે જેથી સત્ત્વની લેશ પણ કચાશ રહેતી નહોતી. ૧૮-૨૦ વર્ષનો દીકરો થયો ન થયો ત્યાં તો માવડી તેને કહેતી : ''બેટા ! તું ક્યાંક જા ત્યારે, પોતાના ધર્મને માટે એકાદ ધીંગાણું કર ! ગામની કન્યાને ઊઠાવી જતા બદમાશની પાછળ પડ ! આપણા ગામને લૂંટવા આવેલી ધાડુપાડુની ટોળકીને પડકારતો કૂદી પડ ! દીકરા ! કંઈક તો કર, જેથી તારી માવડીને ખબર પડે કે ખુમારીના કેવા દૂધ પીવડાવ્યા છે ! જા બેટા ! તારી માવડીને તારી શહાદતનો આનંદ માણવા દે. તળાવની પાળે તારો પાળીઓ સર્જાય એમાં પણ હું ખુશી છું !!

સાંભળો એ વીરમાતા અંજનીને ! તપસ્વીની તરીકેનું અંતિમ જીવન ગુફામાં રહીને પસાર કરતી હતી ત્યારે પુત્ર હનુમાન તેની પાસે આવ્યો. માતાને એ વાતનું બહુ દુઃખ હતું કે લંકાથી સીતાને પાછી લાવવા માટે મારો પુત્ર હનુમાન એકલો નબળો પડ્યો. જેથી તેને રામને સાથે લેવા પડ્યા. આ સમયે માતા અંજની આંખે આંસુ સાથે બોલી : ''ઐસો દૂધ મૈંને તેરો કો પીલાયો, હનુમાન ! તુંને મેરો કૂખ લજાયો.''

આવી હતી આ દેશની માતાઓ ! એવો હતો એમના ધાવણનો વિશ્વાસ !

આ દેશની નારીઓમાંય ખુમારી જળહળતી હતી, તે કોઈથી ગાંજી જાય તેમ ન હતી. તે હાથમાં લક્ક બલોયા (સોનાનાં કડાં) પહેરતી. જો કોઈ પુરુષ તેની સાથે અડપલું કરવા જાય તો તેના માથે બલોયો એવો ટીચતી કે એ નરમુછાળાનું માથું લોહી-લુહાણ થઈ જતું. આ દેશની

નારીઓનું સત્ત્વ કેવું પ્રજ્વલિત હશે ?

આ દેશમાં ધર્મ અને રાષ્ટ્ર પ્રત્યેનું સત્ત્વ કેવું આગભર્યું હતું ? તે જાણવું હોય તો ચાલો થોડાક ઈતિહાસના પાના ફેરવીએ કે જેથી ગાડરોના ટોળામાં ઊછરેલા સિંહના બચ્ચાને ખ્યાલ આવે કે હું સિંહ છું. બાવળ ચાવતું, બેં બેં કરતું, ઠેકડા મારતું ગાડર નથી.

'ઈસ્લામધર્મ સ્વીકારો તો અભય'ની ઔરંગઝેબની એ વાતને રાડ પાડીને સંભાજીએ તિરસ્કારી નાખી અને તેણે ભારે ખુમારી સાથે કહ્યું :

**ये कायरो की कारीस्तानी नही, वीरो की महेजबानी है ।**
**यहां शिर कटता हे, मगर झुकता नहि, यही तो गुलीस्तानी है ॥**

અરે ઓ ઔરંગ ! ધર્મ ખોઈને માથું રાખવા કરતા માથું ખોઈને ધર્મ સાચવીશ. એ જ ક્ષણે શિરચ્છેદ થઈ ગયો.

એક ભારતીય અવધૂત પાસે સિકંદર આવ્યો. પોતાની સંપત્તિ-સત્તા વગેરેની વાતો કરીને સિકંદરે કહ્યું : ''આખી દુનિયા ઉપર મારી હકુમત ચાલે છે માટે હું સમ્રાટ છું.''

ત્યારે ખંમીરવંતા તે સંતે કહ્યું : ''આવા સમ્રાટને મારી પાસે આવવું પડ્યું છે માટે હું સૌથી મોટો સમ્રાટ છું.''

માત્ર ૨૪ વર્ષની ઉંમરે આખી દુનિયા પોતાના પગતળે કરનાર સિકંદર ભારતદેશના એક સંતના જ્ઞાનની ખુમારી સાથે પરાસ્ત થઈ ચાલ્યો ગયો હતો.

સિકંદરને અચાનક ભટો થઈ ગયેલા સંતે સિકંદરની બધી રાઈ ઉતારી નાખતું છેલ્લું વાક્ય ખુમારીનું એવું કહ્યું હતું કેઃ

'જરાક આઘો ખસ, મને તડકો આવવા દે.' અર્થાત હું કુદરતના કીરતારને ખોળે બેઠેલો છું મને તપ કરવા દે, પરમેશ્વરનો આનંદ લેવા દે એમ કહ્યું હતું.

આઝાદી પૂર્વે ચંદ્રશેખર આઝાદ પાસે તેની માતાએ લગ્ન કરી લેવાનો પ્રસ્તાવ મુક્યો ત્યારે આઝાદ બોલ્યા : ''મા ! ભારતની આઝાદી મેળવવા માટે મેં માથે કફન બાંધ્યું છે. અંગ્રેજોની સામે મેં બગાવત પોકારી છે કે જે કન્યા અંગ્રેજોની સામે લડાઈ કરતા મને બંદુકમાં કારતુસો ભરી ભરીને આપે અને એ રીતે મને યુદ્ધમાં સહાય કરે, મને શહીદ થવાની પ્રેરણા કરે તે કન્યા સાથે હું પરણવા તૈયાર છું. એવી કોઈ કન્યા મળે તો કહેજે. પછી બિચારી મા શું બોલે ? કેવી ગજબ રાષ્ટ્ર પ્રત્યેની ખુમારી.

રાષ્ટ્રની રક્ષા માટે કારગીલના બર્ફીલા પહાડો પર આસમાનને આંબતા શિખરોની સાયં સાયં ઠંડીમાં ખુમારીથી ઝઝુમતા જવાનો ભારતની બુલંદીની ઓળખાણ આપી હિમાલયના લલાટ પર કુરબાનીના તિલક બનીને લીંપાઈ ગયા છે.

લીલુડાં માથાવાળા - સાવ જુવાન - ૧૮ થી ૨૨ વર્ષના યુવાનો જ્યારે માભોમની રક્ષાની હાકલ પડે ત્યારે બીજું કશું વિચાર્યા વિના ખુમારીથી રણમોરચે ધસી જતા, જોતજોતામાં માથું વધેરી દેતા. અંગ્રેજોએ ભારતીય પ્રજા પરત્યે સ્મરણીય નોંધ લખી છે કે અહીંના રાજપૂતો (પોતાના ધર્મ કે દેશની રક્ષા માટે) રણમાં મરી જવા માટે પાગલ હતા. 'Rajpute were med after Death'

અરે ! નવી પરણેલી પત્નીને છોડીને યુદ્ધના મેદાનમાં ધસી જવા અચકાતા યુવાનને પત્નીએ ખૂબ સમજાવ્યો કે તે ભારતદેશની રક્ષા માટે એકદમ દોડી જાય, રજપૂત યુવાન ઘરના બારણા સુધી જઈ જઈને પત્ની પાસે આવતો જોઈને તે પત્નીએ તેની મ્યામાંથી તલવાર ખેંચી કાઢીને તેના ગળે ઘા ઝીંકી દઈને ધડથી મસ્તક અલગ કરી નાખ્યું, કે' આવા નામર્દ સાથે પરણી સોહાગણ રહેવું એ કરતા તો વિધવા થવું સારું છે.

કોઈએ કહ્યું છે કે મા બનવું જ હોય તો શૂરની કે સંતની મા બનજે, નહિ તો વાંઝણી જ રહેજે, તારું નૂર ગુમાવીશ નહિ.

**ખુમારીથી જીવન જીવે અબળા જ્યારે,**
**મળે મર્દની ઊંચાઈ સ્ત્રીને જ ત્યારે.**

મર્દાનગી આખરે શું છે ? અસત્યમાંથી સત્ય તરફ કે અસંયમમાંથી સંયમતરફ જવું તે જ માત્ર નહિ. પરંતુ કાયરતાના બાવડા તમારી પોલાદી હથેળીઓ નીચે દાબી દેવા એ મર્દાનગી છે.

ઈ.સ. ૧૮૯૭માં અંગ્રેજી કમિશ્નર રેન્ડે મહારાષ્ટ્રમાં બહેન-દીકરીઓ સાથે દુર્વ્યવહાર કર્યો ત્યારે બાલગંગાધર ટીળકનું ખૂન ગરમ થઈ ઊઠ્યું. એમના સાથી ચોપેકરે 'શિવાજી પુકાર' નામે કાવ્ય લખી આક્રોશ વ્યક્ત કર્યો. એ કાવ્યમાં શિવાજી કહે છે : ''ભારતીય સ્ત્રીઓ પર કુદૃષ્ટિ કરે તો અમારી તલવારોથી તેની આંખો ફૂટી જતી, જો હાથ ઊઠે તો હાથ ઊડી જતા !'' એક સભામાં આ કવિતા વંચાયા પછી ટીળકે ચોપેકરને કહ્યું : ''આવી ખુમારી તમારામાં હોત તો રેન્ડ આજે જીવતો ન હોય !'' અને ચોપેકરે રેન્ડને ગોળીઓ ધરબી હિસાબ ચુકતે કરી લીધો. પછી ચોપેકરે બાલગંગાધર ટીળકને પોતાના સાથી સાંડે દ્વારા સમાચાર મોકલ્યા : ''ગણપતિ સંતુષ્ટ થઈ ગયા છે.''

આ એ ભારત છે. જ્યાં સીતાના પાલવનો વિકૃત સ્પર્શ કરતા એ રાવણના દશ માથાં અને વીશ હાથને કાપીને માટીમાં રગદોળી દેવામાં આવ્યા હતા. .....અને દ્રોપદીની લાજ લૂંટવાનો પ્રયત્ન કરનાર દુઃશાસનનો હાથ ઉખાડીને ફગાવી દેવામાં આવ્યો હતો.

આવા હતા આ દેશના ખુમારીથી ધગધગતા લોકો.

**અનુસંધાન પાન નં. ૨૫**

મંદિર મહિમા ચિંતન-૧

સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી
સરધાર

### સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે ત્યાગનો પક્ષ મોળો પાડીને બંધાવેલ

# મંદિરો શા માટે...?















❖ **મંદિર વિષે ભગવાન શ્રી સ્વામિનારાયણનો અભિપ્રાય :**

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચ.ગ.મ.પ્ર.૨૭માં કહે છે : ''અમે વિચારીને જોયું જે, જે અતિશય ત્યાગ રાખે અથવા દયા રાખે તેથી ભગવાનની ભક્તિ થાય નહિ ત્યારે ઉપાસનાનો ભંગ થાય છે અને પૂર્વે જે જે અતિશય ત્યાગી થયા છે તેના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે. માટે **અમે એમ વિચારીને પરમેશ્વરની ઉપાસના રહેવા સારૂ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યાં છે** તેમાં જો થોડો ત્યાગ રહેશે તોપણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાક જીવનાં કલ્યાણ થશે. અને જેને ભગવાનની ભક્તિ કરવી તેને તો ઢૂંઢિયાની પેઠે દયા રાખ્યે પણ કેમઠીક પડે ? એને તો પરમેશ્વરને વાસ્તે પુષ્પ લાવ્યાં જોઈએ, તુલસી લાવ્યા જોઈએ, ભાજી-તરકારી લાવી જોઈએ, ઠાકોરજીને વાસ્તે બાગ-બગીચા કરાવ્યા જોઈએ, **મંદિર કરાવ્યાં જોઈએ.** માટે જે અતિશય ત્યાગ રાખીને ને અતિશય દયા રાખીને મૂઠી વાળીને બેસી રહે તેણે ભગવાનની ભક્તિ થતી નથી અને જ્યારે ભક્તિએ રહિત થાય ત્યારે ભગવાનની ઉપાસનાનો નાશ થઈ જાય એટલે પછવાડેથી અંધપરંપરા ચાલે. **તે સારૂ અમે મંદિર કરાવ્યાં છે તે અખંડ ભગવાનની ઉપાસના રાખ્યા સારૂ કરાવ્યાં છે.''**

શ્રીજી મહારાજ મંદિરના પાયામાં એક પથ્થરનો ટુકડો નાખે તો પણ ધામમાં તેડી જતાં હોય, તો તે ઉપરથી જણાય આવે છે કેઃ- મંદિરોમાં સેવા કરવાથી ભગવાન શ્રીહરિનો રાજીપો અપાર મળે છે. તેથી જ તો મહારાજે સ્વધામગમન કરતા પહેલા ત્રણ સંકલ્પો કર્યા હતા.

धृत्वावतारं यत्कार्यं तत्कृतं सकलं किल । तथापि भाविनां नृणां कार्यं क्रिद्धितं मया ॥

(સ.જી. પ્ર.૪, અ.૨૪, શ્લો.૭)

અવતાર ધારીને મારે જે કાર્ય કરવાનું હતું તે સર્વે સંપૂર્ણ કરી દીધું છે, છતાં પણ ભવિષ્યમાં થનારા ભાવિ પેઢીના જનોનાં હિત માટે મારે કાંઈ પણ હમણાં અવશ્ય કરવું જ. તેમાં પહેલો સંકલ્પ એ હતો કેઃ-

कारयित्वा मंदिराणि तत्र स्वप्रतिमा अहम् । स्थापयेय ततस्ताश्च सेविष्यन्ते हि मानवाः ॥

(સ.જી. પ્ર.૪, અ.૨૪, શ્લો.૧૦)

મહા મંદિરો કરાવીને, તેમાં મારી અર્ચામૂર્તિઓ સ્થાપન કરું. પછી સર્વ કોઈ મનુષ્યો સ્વધર્મનાં પાલનપૂર્વક તે પ્રતિમાઓની સેવા કરવાથી ભક્તિ વૃદ્ધિ પામતાં શ્રેયને પામશે.

વળી, મંદિરમાં નિત્ય જવાની આજ્ઞા કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં ૬૩માં શ્લોકમાં લખે છે કેઃ-

भगवन्मंदिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् । नामसंकीर्तन कार्यं तत्रोच्चै राधिकापतेः ॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું અને તે મંદિરને વિષે શ્રીરાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણભગવાન તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું. જે ગામમાં મંદિર ન હોય ત્યાં પણ મંદિરનો ઉદ્દેશ સિદ્ધ કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ સત્સંગિજીવનમાં કહે છે :-

स्वग्रामे धर्मवृद्धस्य गृहे सायं समेत्य च । तन्नामकीर्तनं कार्यं तत्कथाश्रवणं तथा ॥

(સ.જી. પ્ર.૩, અ.૬૨, શ્લો.૧૪)

'જો પોતાના ગામમાં મંદિર ન હોય તો ધર્મવૃદ્ધ ગૃહસ્થ ભક્તના ઘરમાં સાયં સમયે સર્વે સત્સંગિઓએ ભેગા થઈને ભગવાનના નામનું કીર્તન તથા ભગવત્કથાનું શ્રવણ પ્રીતિથી કરવું.' આ માધ્યમથી ભગવદ્‌ભક્તોને એકતા અને સમુદાયનું બળ વધે છે.

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણનો મંદિર પ્રત્યે પોતાનો આદર્શભાવ અને અભિપ્રાય અનેરો જોવા મળે છે.

❖ **આધ્યાત્મિક માર્ગ એટલે મંદિર :** પરમેશ્વરનો વાસ ક્યાં નથી ? પરમાત્માનો ભક્ત,

માણસમાં, પશુપંખીમાં વૃક્ષ કે લતામાં, તૃણામાં અરે ! કણેકણમાં સર્વત્ર બિરાજતા એવા પરમેશ્વરના અંતર્યામી સ્વરૂપને, વ્યાપક સ્વરૂપને નિહાળે છે, વંદે છે અને ચાહે છે. પરંતુ ભક્તની સેવા અંગીકાર કરવા, ભક્તને સુખ આપવા પ્રત્યક્ષરૂપે અથવા અર્ચનસ્વરૂપે, મૂર્તિસ્વરૂપે ભગવાન જ્યાં બિરાજતા હોય તે આવાસ એટલે જ મંદિર.

આગમ શાસ્ત્રો પ્રમાણે રચાયેલાં આ મંદિરોમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભગવાનની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ લોકમાં પોતાથી મોટા અમલદારની, રાજા વગેરેની મર્યાદાઓ પણ માણસ સ્વીકારે છે, તો પ્રતિષ્ઠિત સ્વરૂપની મર્યાદાઓનો સ્વીકાર ભક્તોમાં સહજભાવે હોય છે.

મંદિરોની મૂર્તિ એ પથ્થરોમાં કંડારાયેલ કે ધાતુનાં શિલ્પ નથી. પરંતુ એ સાક્ષાત્ પરમાત્મા જ છે. આથી જ આ અર્ચાસ્વરૂપની પ્રત્યક્ષ સ્વરૂપ પ્રમાણે જ સેવા-પૂજા થાય છે. પ્રાતઃકાળે ભગવાનને જગાડવા, દંતધાવન કરાવવું, સ્નાન કરાવવું વગેરે પ્રાતઃક્રિયાઓથી રાત્રિશયન સુધી સમગ્ર દૈનિક ક્રિયાઓ દ્વારા ભગવાનની સેવા કરવામાં આવે છે. આમ સમય-સમયનાં ભગવાનનાં વિવિધ દર્શનોમાં તથા સેવામાં ભક્તનું મન નિમગ્ન રહે છે. આનંદિત રહે છે.

તદુપરાંત મંદિરોમાં રહેતા, પરમાત્માને સમર્પિત શુદ્ધ પવિત્ર જીવન જીવતા સંતોનો સમાગમ પણ મંદિરમાં આવવાથી સાંપડે છે. આ સત્સંગના લાભની કોઈ તુલના થઈ શકે તેમનથી. આવા સંતોના મુખેથી ઉચ્ચારાતી સાદી અને સરળ પણ અર્થગંભીર વાણી વ્યક્તિના અંતરાત્માને જગાડે છે. અનેકના કુસંસ્કારો વ્યસનો છૂટે છે અને તેઓ ભક્તિમય, ધર્મમય સારા સંસ્કારો પ્રાપ્ત કરે છે.સંતોના કથામૃત દ્વારા આત્મા-પરમાત્માના જ્ઞાનનું ઊંડાણ પ્રાપ્ત કરી જીવનમાં સ્થિરતા, શાંતિ પ્રાપ્ત કરે છે. ભગવાનનાં ચરિત્રોનું ગાન મહિમાનું કથન, ગુણોનું કીર્તન તથા ભગવાનનું ધ્યાન વગેરે ભક્તિમય ક્રિયાઓથી ગુંજતાં મંદિરોમાં પ્રવેશતા સામાન્ય માણસને પણ પરમાત્માની સંનિધિ અનુભવાય છે.

મંદિરોમાં બાળકોને પોષણ આપતી, સંસ્કારિત કરતી, ઊછળતી કૂદતી યુવાશક્તિને સર્જનાત્મક મોડ આપી, સદાચારનો ઓપ આપી વિકસિત કરતી, મહિલાઓને સાચું માર્ગદર્શન આપી માતૃશક્તિ જાગૃત કરતી અનેકવિધ પ્રવૃત્તિઓની સંસ્કારગંગા વહે છે. માનસિક, શારીરિક કે કુદરતી આપત્તિઓ વખતે માનવીને પડખે ઊભી રહેતી, સહાયભૂત થતી અનેક સામાજીક સેવાઓનું પ્રેરણાબિંદુ પણ મંદિરો જ હોય છે.

માણસને ઘડવા માટેનું આદર્શ, સમાજ ઘડતર માટે, સમાજ શુદ્ધિ માટે, સદાચારની પ્રેરણા માટે, મનની સ્થિરતા માટે, ભક્તિ-ઉપાસના કરવા માટે, સુખ શાંતિ મેળવવા માટે મંદિરની અતિ આવશ્કયતા છે.

મંદિરથી સંસ્કાર વધે છે. સંસ્કાર હશે તો જ આપણને શાંતિ થશે. આપણે આપણી જરૂરીયાત માટે મકાન, ફેકટરી કરીએ છીએ. તે પોતાના માટે છે. જ્યારે આ એક સ્થાન એવું છે કે જ્યાં બધા જ માણસો સરખી રીતે લાભ લઈ શકે છે. ઘરમાં લખીએ કે 'નો એડમીશન વિધાઉટ પરમીશન' પણ અહિં તો દરેકને માટે વેલકમ છે. મંદિરમાં વિશ્વબંધુત્વની ભાવના દૃઢ થાય છે. આખું વિશ્વ ભગવાનનું છે. અને ભગવાન સૌના છે. અહીં કોઈ ભેદભાવ હોતો નથી. અહીં આત્મકલ્યાણની વાત મેળવવાની છે. મનની શાંતિ અહીં મળે છે. પ્રાર્થનાથી, દર્શનથી, આપણી ઘણી ઘણી સમસ્યાઓ દૂર થઈ જાય છે.

આ લોકમાં કોઈક માણસે કંઈક આપ્યું હોય તો તેનો પણ ઉપકાર માનીએ છીએ તો ભગવાને કેટલું બધું આપ્યું છે તો તેના માટે પણ કરવું જોઈએ. આવાં સ્થાનો લોકોનાં કલ્યાણ માટે છે. તન,મન,ધનથી જે કોઈ સમર્પણ ભાવનાથી અહીં કાર્ય કરે છે તેને ભગવાાન અનંતગણુ કરીને આપે છે. તેથી અહિં કોઈ ખર્ચાની વાત જ નથી આવતી.

જુગારખાનાં, સિનેમાગૃહો, કલબો જેવાં સ્થાનો પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે એનો પ્રશ્ન આપણે ક્યારેય ઉઠાવ્યો છે ? જ્યાંથી બહુધા દુરાચારીની દુર્ગંધ જ વહેવાની છે. માનવીનું પતન કહેતાં સમાજનું પતન જ થવાનું છે એ માટે ક્યારેય કોઈને પ્રશ્ન થાય છે ? નથી થતો. કારણ, માનવીમાં ઊંડે ઊંડે રહેલો દુરાચાર એને મૌન બનાવી દે છે. મંદિરો શા માટે ? એમપૂછનાર, કહેનાર આવાં પાપ-સ્થાનોના સભ્ય હોય છે, મુલાકાતી હોય છે.

હા, ક્યારેક આપણે સમાજોપયોગી શાળાઓ, હોસ્પિટલો, અનાથાશ્રમો વગેરે કાર્યોને આગળ ધરીએ છીએ. આ બધા જ કાર્યો જરૂરી છે. પણ શાળાનું કાર્ય હોસ્પિટલ કરી શકશે ? હોસ્પિટલનું કાર્ય અનાથાશ્રમ પૂરું કરશે ? પ્રત્યેકનું કાર્યક્ષેત્ર અંગત છે. સમાજને આ બધાની જરૂર છે. આપણે એ ભૂલીએ છીએ કે આવાં કાર્યો, કરનાર માનવી પર અવલંબે છે. અને એ માણસને સીધી રીતે કે પરંપરા દ્વારા પણ ઘડનાર કોઈ શાળા હોય તો તે છે મંદિર. આવી અત્યંત જરૂરી, માનવ ઘડતરની શાળા કહેતાં મંદિર પાછળ ખર્ચ થાય છે તે શું બિનજરૂરી છે ? આ મંદિરોની પણ અગત્યતા છે. એની ભવ્યતાની પણ અસર છે.

વળી સમાજના ધનકુબેરો, રાજવીઓના આવાસો, કેવા ભવ્ય હોય છે ? વર્તમાન યુગમાં રાષ્ટ્રપ્રમુખ, વડાપ્રધાન વગેરે દેશની પ્રમુખ વ્યક્તિ ગણાય, એ સૌની વ્યવસ્થા પણ આપણે કેટલી સુંદર જાળવીએ છીએ. દેશના મોભા પ્રમાણે એમનાં આવાસસ્થાનો હોય છે. તો પછી સર્વના સ્વામી એવા પરમેશ્વરનો પ્રાસાદ પણ ભવ્યાતિભવ્ય હોય એવી ભક્તોની ભાવના રહે એ સ્વભાવિક છે. પૂર્વે ભક્તહૃદયના રાજા-મહારાજાઓ, રાષ્ટ્રના સ્વામી પરમાત્માને સ્વીકારતા. આથી જ તેઓ ભગવાનના અતિ મહાન પ્રાસાદો-મંદિરોનું નિર્માણ કરતા અને તેમાં ભગવાનના અર્ચનસ્વરૂપની મૂર્તિ પ્રતિષ્ઠા કરાવતા. વર્તમાનકાળે ભક્તોનો સમુહ એકત્ર થઈ આવાં ભવ્ય મંદિરોની રચના કરે છે. જે સૌ જન માટે ઉપયોગી, લાભદાયી હોય છે. **(ક્રમશઃ)**

સાધુ જ્ઞાનવલ્લભદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

સાંપ્રદાયિક ગ્રંથોના આધારે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનું

# સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન

**ગંતાકથી ચાલું....**

अहमिति । अहम् । अक्षरधामेशः । सर्वपरात्युत्कृ ष्टाक्षरधामाधिपतिः । ईशेशो महापुरु षादीश्वरेश्वरः । पुरुषोत्तमः । सर्वावतारहेतुः रामकृष्णादिसक-लावताराणां कारणम् । सदा सर्वकालम् । सर्वोपरि । स्थितश्च । मत्तः परतरः कोऽप्यधिको नास्तीत्यर्थः ।

સર્વથી પર અને અતિ ઉત્કૃષ્ટ એવા અક્ષરધામથી પણ પર છું. અક્ષરધામનો અધિપતિ છું. મહાપુરુષાદિ સર્વ ઈશ્વરોનો ઈશ્વર એવો પુરુષોત્તમછું. તથા રામકૃષ્ણાદિ સકળ અવતારોનું કારણ અને સદા સર્વોપરી બિરાજમાન છું, મારીથી કોઈ પર-અધિક નથી એમ જાણવું.

(તરંગ: ૧૬૮, વચ.મ.૩૫)



અંત્ય પ્રકરણના ૩૮માં વચનામૃતમાં કહે છે :

रूपेऽस्याऽस्मिन्नक्षरस्थे मूलरूपे च किञ्चन ।
भेदो न सर्वथाऽस्तीति जानीत निश्चितं हृदि ॥९॥
सर्वेषामक्षरादीनां नियन्ता चेश्वरेश्वरः ।
असावेकान्तभावेन भवद्भिः सेव्य आदरात् ॥१०॥
अस्यैव पूर्वमासन् येऽवताराः श्रेयसे नृणाम् ।
वन्द्याः पूज्यास्तेऽपि सन्ति भजनीयाश्च भावतः ॥११॥
साक्षादिमं तत्त्वतस्तु ज्ञात्वैव सर्वकारणम् ।
भजतातिप्रयत्नेन हित्वा च षडगुणान् द्रुतम् ॥१२॥

અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈપણ ભેદ નથી. એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે. ને સર્વ કારણના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે, ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. અને આ ભગવાનના પૂર્વે જે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે.

સેતુમાલા ટીકા :

रूप इति । अस्य श्रीहरेः । अस्मिन् युष्मद्दृग्गोचरे । रूपे । अक्षरस्थे मूलरूपे च । किञ्चन । भेदः । सर्वथा । नास्ति । इतीत्थम् । यूयम् । हृदि । निश्चितमेव । जानीत ।

सर्वेषामिति । अक्षरादीनाम् । सर्वेषाम् । नियन्ता । ईश्वरेश्वरश्च । असौ श्रीहरिः । भवद्भिः सर्वैः । एकान्तभावे-नैकान्तिकभक्तया । आदरात् । सेव्यः ।

अस्येति । अस्य श्रीहरेरेव । ये अवतारा रामकृष्णादयः प्रादुर्भावाः । नृणाम् । श्रेयसे । पूर्वम् । आसन् । ते अवतारा अपि । भावतः । वन्द्याः । पूज्याः । भजनीयाश्च । सन्ति ।

साक्षदिति । एवममुना प्रकारेण । साक्षात्प्रत्यक्षतया वर्तमानम् । इमं श्रीहरिम् । तत्त्वतः । सर्वकारणम् । ज्ञात्वा । अतिप्रयत्नेन । षडगुणान्वक्ष्यमाणान् षड्दोषान् । द्रुतं शीघ्रमेव । हित्वा । भजत ।

તમારે સર્વને નયનગોચર એવા શ્રીહરિના રૂપમાં તથા અક્ષરધામના પરસ્વરૂપમાં કોઈ ભેદ જ નથી. અક્ષરાદિ સર્વેના નિયંતા, ઈશ્વરના પણ ઈશ્વર એવા શ્રીહરિ એકાંતિકભાવે સેવા કરવા યોગ્ય છે. અને આ શ્રીહરિના પૂર્વેના રામકૃષ્ણાદિ અવતારો તે પણ વંદન-પૂજન કરવા યોગ્ય છે. પ્રત્યક્ષ એવા આ શ્રીહરિને તત્ત્વતઃ સર્વકારણના કારણ જાણીને ભજવા.

(તરંગ: ૨૬૧, વચ.અં.૩૮)

ईदक् सुखनिधिः स्वामिनारायण इतीरितः ।
रामकृ ष्णादिरूपाणां हेतुः सर्वेश्वरेश्वरः ॥३२॥
अवतार्यक्षराधीशोऽक्षरमुक्तेडितश्रवाः ।
परात्परतरो यश्च सर्वोपर्येव यः सदा ॥३३॥

આ સ્થળે તો સુધાસિંધુના મૂળ શબ્દોમાં (અર્થાત્ શ્રીજી મહારાજના સ્વમુખની વાણી) પોતાનો મહિમા સમજાવતાં 'સ્વામિનારાયણ રામકૃષ્ણાદિ અવતારનું કારણ છે' એવું નિરૂપે છે.

સેતુમાલા ટીકા :

ईदगिति । ईदृक्सुखनिधिरेवं-विधसुखसागरः ।

स्वामिनारायण इति नाम्ना । ईरितः । रामकृष्णादिरूपाणां रामकृष्णादीनामनेकेषामवताराणाम् । हेतुः । कारणम् । यः स्वयं तयाऽन्येषु स्वगुणैश्वर्याद्यावेशतया च नानावतारान्बिभर्तीत्यर्थः । सर्वेश्वरेश्वरः 'तमीश्वराणां परमं महेश्वरम्' इति श्रुत्या सर्वेश्वरेश्वरत्वात् परममहेश्वरत्वेनोदितः ।

अवतारीति । यः । अवतारी । अक्षराधीशोऽक्षरधामाधिपतिः । अक्षरमुक्तैरक्षरभावापन्नमुक्तवृन्दैरीडितानि सर्वोत्कर्षतया संस्तुतानि श्रवांसि यशांसि यस्य सः । यः । परात्सर्वपरादक्षरादपि । परतरः स्वरूप-स्वभाव-गुण-विभूत्यैश्वर्यादिभिरतिविलक्षणः । 'अक्षरात्परतः परः' इति श्रुतेः । यः । सदा । सर्वोपर्येव । विराजमानः । धामरूपाक्षरब्रह्म । तत्स्थतद्भावापन्नानन्तमुक्त-सकार्याक्षरपुरुष-सर्वावताराणां चूडामणिरिव वर्तमानः इत्यर्थः ।

એ પ્રમાણે સર્વસુખના સાગર જે સ્વામિનારાયણ નામે ઓળખાય છે તે રામકૃષ્ણાદિ અનેક અવતારોનું કારણ છે, તથા અન્ય બહુ અવતારોને પોતાનાં ગુણ, ઐશ્વર્ય તથા આવેશ દ્વારા ગ્રહણ કરે છે, તેવા સર્વ ઈશ્વરના ઈશ્વર 'तमीश्वराणां परमं महेश्वरम्' એ શ્રુતિ અનુસાર પરમમહેશ્વરપણે કહ્યા છે. અક્ષકમુક્તોએ સર્વોત્કર્ષપણે જેનાં સ્તુતિ અને યશોગાન કર્યાં છે, એવા અક્ષરધામના અધિપતિ, સર્વથી પર એવા અક્ષરબ્રહ્મથી પણ પર અને સ્વરૂપ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિ વડે અત્યંત વિલક્ષણ તથા સર્વોપરીપણે વિરાજમાન, ધામરૂપ અક્ષરબ્રહ્મ, તેમાં નિવાસ કરી રહેલા અનંત કોટિ મુક્તો તથા સર્વ અવતારોના ચૂડામણિ રૂપે વિરાજમાન છે. (તરંગ : ૨૬૨, વચ.અં.૩૯)

यं साम्येन वदन्ति येऽक्षरपरं सर्वाऽवतारैर्जना मन्दास्ते

त्ववतारिणोऽस्य न परं जानन्ति तत्त्वं प्रभोः ।

यस्याऽऽज्ञां निवहन्ति मङ्गलकरां सर्वेऽक्षराद्याः सदा वन्दे तं पुरुषोत्तमं च सहजान्दं सदाऽऽनन्ददम् ॥१७॥

'જે જનો અક્ષર થકી પર અક્ષરાતીત એવા શ્રી સહજાનંદ સ્વામીને અન્ય સર્વ અવતારોની સાથે તુલ્યપણે કરીને કહે છે, તે જનો મંદબુદ્ધિવાળા છે; કેમકે તેઓ સર્વ અવતારના કારણ અવતારી પ્રભુ જે શ્રી સહજાનંદ સ્વામી તેમના 'परं तत्त्वं' અર્થાત્ પરમરહસ્યને જાણતા નથી; જેની મંગલકારી આજ્ઞાને 'સર્વે અક્ષરાદિ' કહેતાં અક્ષરકોટિ, બ્રહ્મકોટિ, ઈશ્વરકોટિ - એ આદિક નિરંતર પોતાને માથે ચડાવે છે; એવા સર્વ અવતારના કારણ ને ભક્તજનોને નિરંતર આનંદ આપનારા, તે પુરુષોત્તમ અવતારી શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને હું સદા વંદન કરું છું.'

## ❖ વેદરસ

ભગવાન શ્રીહરિ વેદરસના નિર્માની પ્રકરણમાં કહે છે, "...તે પુરુષોત્તમ કેવા છે ? તો જેનાં ચરણારવિંદની એ સર્વે ઉપાસના કરે છે. તે પુરુષોત્તમનું સ્વરૂપ દૃષ્ટાંતે કરીને દેખાડીએ છીએ. બ્રહ્મસૃષ્ટિવાળા જે સર્વે અનંત મુક્ત તે સર્વેના દેહનો જે પ્રકાશ તે અક્ષરબ્રહ્મના એક રોમને વિશે છે, એવા જે અક્ષરબ્રહ્મ તે અક્ષરબ્રહ્મના અનંત તેજને લીન કરી નાંખે એવું પુરુષોત્તમના એક રોમનું તેજ છે. એ જે સાક્ષાત્કાર પુરુષોત્તમતેની હે પરમહંસો ! આજ તમને સર્વને સાક્ષાત્કાર પ્રાપ્તિ છે. અને સર્વે જે બાઈભાઈ સત્સંગી તેને દેહત્યાગ કર્યા કેડે એ ધામની પ્રાપ્તિ થાય છે, એને બ્રહ્મમહોલ કહીએ, અક્ષરબ્રહ્મ કહીએ, ધામકહીએ. એ ધામને મારે બળે કરીને સર્વેને પમાડીશ. સાધને કરીને એ ધામ પમાતું નથી.

## ❖ દુર્ગપુરમાહાત્મ્ય

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ 'દુર્ગપુરમાહાત્મ્ય' ગ્રંથમાં ભગવાન શ્રીહરિના સર્વોપરીપણાનો એક પ્રસંગ નોંધે છે :

રામદાસ સ્વામી અંતિમ બિમારી વખતે શ્રીજી મહારાજને કહે છે, 'હે પ્રભુ ! મારા દેહનો અંતકાળ હવે નજીક આવ્યો છે. તેથી મારે સર્વે સંતોને અને ગૃહસ્થ હરિભક્તોને મારો અભિપ્રાય કહેવો છે, તો તમે સર્વે સંત અને ગૃહસ્થ ભક્તોને તત્કાળ અહીં બોલાવો.' ત્યારે શ્રીહરિએ સૌને બોલાવ્યા. પછી રામદાસ સ્વામીએ સૌને કહ્યું, 'હે ભક્તજનો ! સાંભળો. તમારા હિતની એક વાત છે. જ્યારે સંતો આ શ્રીહરિને શ્રીકૃષ્ણની સમાન કહેતા હતા ત્યારે હું નિષેધ કરતો નહિ, પણ જ્યારે અધિકપણે કહેવા લાગ્યા ત્યારે મેં માન્યું નહિ, અને તેઓને કહ્યું હતું કે હે સંતપુરુષો, જેમ સાકરના નાળિયેળમાં એક અણુમાત્ર પણ તત્ત્વભેદ નથી, તેમ અવતારોમાં પણ અણુમાત્ર ભેદ નથી. ત્યાર પછી મને શ્રીકૃષ્ણ ભગવાને તથા રામાનંદ સ્વામીએ પોતાનાં દર્શન આપીને કહ્યું કે હે યોગીવર્ય, પ્રત્યક્ષ એવા શ્રીહરિ પ્રભુ સર્વથી પર છે, સર્વ અવતારોના કારણ છે, કાળ-માયા-ઈશ્વરાદિકના નિયંતા છે. આ શ્રીહરિને જ્યારે સર્વથી પર જાણશો, ત્યારે જ આત્યંતિક કલ્યાણ થશે. આ પ્રકારે કહીને તે બંને અંતર્ધાન થઈ ગયા. ત્યારથી હું શ્રીહરિ પ્રભુને સર્વથી પર અને રામકૃષ્ણાદિક સર્વે અવતારોના અવતારી અને સર્વ કારણના કારણ એવા પરમાત્મા જાણું છું. માટે હે સંતપુરુષો, આ શ્રીહરિ પ્રભુ જે મનુષ્યાકૃતિ ધારી રહેલા છે, તે પ્રભુ સર્વેથી પર વર્તે છે. આ પ્રભુથી પર બીજો કોઈ નથી. આ સર્વાંતર્યામી પ્રભુ સર્વેથી પર વર્તે છે. આ પ્રભુથી પર બીજો કોઈ નથી. આમાં જો હું લગારેક પણ અસત્ય બોલતો હોઉં તો મને આ પાંચસો પરમહંસોના સમછે, એટલું જ નહિ, પરંતુ આ બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ પણ મારે માથે છે.'

अत्रासत्यं यदा स्याच्चेत्तर्हि मे शपथः सताम् ।

अस्ति ब्रह्माण्डभङ्गस्य पातकं मे तथा महत् ॥

(અધ્યાય : ૬૯ શ્લો : ૩૫)

**(ક્રમશઃ)**

આચાર્ય મહિમા ચિંતન

સાધુ ધર્મવલ્લભદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્થાને સ્થાપેલ એવા

# મોક્ષના દાતા : ધર્મવંશી ગુરુ



**ગતાંકથી ચાલું....**

''માટે સહુ ધર્મકુળ માનજો, સહુ કરજો એની સેવ;
અન્ય જન જેવા એ નહિ, એ છે જાણજો મોટા દેવ.
એક બ્રાહ્મણને જાણો ભક્ત અતિ, વળી કા'વે અમારુ કુળ;
એને સેવતા સૌ જન તમો, પામશો સુખ અતુલ.
મન વાંછિત વાત મળશે, વળી સેવતા એના ચરણ;
એ છે અમારી આજ્ઞા, સર્વે કાળમાં સુખકરણ...''

''માટે સૌ રે જો એને વચને રે, ત્યાગી ગૃહી સહુ એકમને રે;
રે'જો ધર્મવંશીને ગમતે રે, વર્તશોમા કો'ય મનમતે રે.
એહ કહે તેમસહુ કરજો રે, પૂછ્યા વિના તો પગ ન ભરજોરે;
હાથ જોડીને રે' જો હજૂર રે, કરી ડા'પણ પોતાનું દૂર રે.
વિદ્યા, ગુણ બુદ્ધિને બળે રે, એને દબાવવા નહિ કોઈ પળે રે;
ત્યાગી, રાગી ને કવિ કોઈ હોય રે, તોય એને માનજો સહુ કોય રે.
વાદ વિવાદ કરી વદને રે, એશું બોલશો મા કોઈ દને રે;
એની વાત ઉપર વાત આણી રે, કદી વદશો મા મુખે વાણી રે.
એને હોડ્યે હઠાવી હરવી રે, પોતાની સરસાઈ ન કરવી રે...
જેમએ વાળે તેમવળજો રે, એના કામકાજમાં ભળજો રે.
એને રાજી રાખશો જો તમે રે, તો તમપર રાજી છીએ અમે રે;
એને રાજી રાખશે જે જન રે, તેણે અમને કર્યા પ્રસન્ન રે.
કાં જે અમારે ઠેકાણે એ છે રે, તે તો પ્રવીણ હોય તે પ્રીછે રે;
વચન દ્વારે વસ્યા અમે એમાં રે, તમે ફેર જાણશો મા તેમાં રે.''

''ધર્મવંશી આચારજ માંય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે;
અતિ ધર્મવાળા જોઈ જનરે, રે'વા માની ગયું મારું મન રે.''

''એનું જેણે કર્યુ સનમાનરે, તેણે મારું કર્યુ છે નિદાન રે;
એમજાણી લેજો સહુ જન રે, એમબોલિયા શ્રી ભગવન રે.''
(નિષ્કુળાનંદ કાવ્ય, પુ.પ્રકાશ પ્રકાર. ૪૦)

''આ ઉપરાંત સંવત ૧૮૮૩ના માગસર સુદ ૧૫ ગઢડામાં શુકમુનિ પાસે લખાવેલ સંપ્રદાયના ઐતિહાસિક દેશ વિભાગના લેખમાં પણ શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે :-

''સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા (પાર્ષદ) એ સમસ્તના તથા સત્સંગી સમસ્તના તમો બેય (અયોધ્યાપ્રસાદજી તથા રઘવીરજી) ગાદીવાળાને આચાર્ય સ્થાપ્યા છે. તે સર્વે (આશ્રિતો) નિરંતર તમારી આજ્ઞામાં રહેશે ને તમારી સેવા કરશે. શ્રી ધર્મવંશના બેય ગાદીવાળા આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય, શાસ્ત્ર તથા જોગે (યોગે) તથા તપે તથા વૈરાગ્યાદિ ગુણે વિશેષ હોય ને તેથી શ્રી ધર્મવંશના બેય ગાદીવાળા આચાર્ય ન્યૂનપણે જાણ્યામાં આવે તોપણ સાધુ, બ્રહ્મચારી, પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને, અમારી એમઆજ્ઞા છે જે, તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજો ને મન, કર્મ વચને એમની આજ્ઞામાં રહેજો; ને તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને, આ લોકમાં તથા પરલોકમાં કોઈકાળે સુખ થાશે નહિ ને તે અતિ કષ્ટને પામશે.''

આમ, ધર્મકુળ તો ધર્મનું પ્રતિક છે. તે સંપ્રદાયના અલંકારરૂપ છે અને સત્સંગના શરણગારરૂપ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં ધર્મકુળને પોતાના રાજીપાનું, પોતાની પ્રસન્નતાનું પ્રમાણપત્ર આપ્યું છે અને કહ્યું છે :-

''અને વળી આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈ ભાઈ જેવા અમારા ગમતામાં વર્તે છે તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા કેમજે, અયોધ્યાવાસીએ તો અતિશેજ, સત્સંગ પરાયણ પોતાનું જીવીતવ્ય કર્યુ છે; માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતા કોઈને આવડતું નથી...'' (વચ.અમ.૩)

**''સત્સંગનું જામિયુ મૂળ, જ્યારે આવ્યુ એ ધર્મનું કુળ''**
(ભક્ત ચિંતામણી પ્રકરણ ૮૭)

પરંતુ, આ પદ ઉપર પદારૂઢ થનાર વ્યક્તિની જવાબદારી પણ કેવી હોય ! એ પણ જાણવા જેવું છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને, બંને આદિ આચાર્યોમાં પોતાનું દિવ્ય તેજ મૂકી, પોતાની ગાદી જ્યારે એમને સમર્પણ કરી ત્યારે એ પદનો મહિમા વર્ણવતા અને એ પદ ઉપર આરૂઢ થનારા પોતાના બન્ને પુત્રોને તેમની પરંપરામાં પદારૂઢ ભવિષ્યના આચાર્યોને તેમના કર્તવ્યની સભાનતા રાખવા ઉપદેશ આપતા આ પ્રમાણે કહે છે :

''આ આચાર્યપદ, ધર્મભક્તિના સંરક્ષણરૂપ છે. માટે તમે, સ્વાશ્રિતોને ધર્મસહિત ભક્તિ કરવાનો ઉપદેશ આપજો. અને તે પ્રમાણે વર્તાવજો. આ પૃથ્વી ઉપર મેં મહામંદિરો કરાવ્યા છે તેમાં મુખ્ય બે મંદિરો છે. એક અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવનું અને બીજું અહીં શ્રી લક્ષ્મીનારાયણ દેવનું. આ બન્ને ગાદીનાં મુખ્ય ધામછે. દેશવિભાગના લેખમાં દેશવિભાગની વ્યવસ્થા મેં જે કરેલી છે તેનુ ચુસ્તપણે પાલન કરજો. તમે સચ્છાસ્ત્રોનો નિરંતર અભ્યાસ રાખજો ને તમારા અનુયાયીઓને સત્શાસ્ત્રાનુસાર ઉપદેશ આપજો. સમીપસંબંધ વિનાની સ્ત્રીયો સાથે સંભાષણ કરશો નહિ; તેમજ એમને એકાંતમાં દર્શન દેશો

નહિ. વળી તમે ત્યાગીમાત્રના ગુરુ છો, તો તમારે વિશેષે કરીને શાંત સૌમ્ય ને સાત્ત્વિક વેષ રાખવો. મેં કહેલા વિશેષ ધર્મ-ભક્તિ સહિત તમોએ અંબરિષ રાજા ને જનકરાજાની પેઠે ગૃહસ્થાશ્રમના ધર્મ દેહે કરીને પાળવા; પણ મને કરીને તો ત્યાગાશ્રમીની પેઠે નિર્વાસનિક રહેવુ ને ભગવાનની નવધા ભક્તિ યુક્ત રહી, પ્રકટ પ્રભુનું અખંડ ચિંતવન કરવું. મારા સર્વ આશ્રિતોના ધર્મરક્ષણ માટે તમને મેં મારા ગુરુ પદ, આચાર્યપદ ઉપર સ્થાપન કર્યા છે. તીવ્ર વૈરાગ્યવાળા ત્યાગશ્રમી, વિરક્ત ને સાંખ્યયોગીના કે અંબરિષ ને જનક જેવા ગૃહસ્થ હરિભક્તોના જે ગુરુ હોય તે, સર્વેથી વિશેષ ત્યાગ-વૈરાગ્યવાળા હોય તથા સર્વોપરી ઉપાસના ને અણિશુદ્ધ આજ્ઞા પાળવામાં તે સર્વ કરતા અધિક હોય તેજ તે સર્વે અનુયાયીઓનું ધર્મરક્ષણ કરી શકે. અર્થાત્ પ્રકટ પ્રભુની ભક્તિ ને પ્રકટ પ્રભુના સંબંધવાળા સત્સંગ સિવાય, ધર્મરક્ષણ કરવાનું બળ આવે નહિ અને આવેલું તેવું બળ સ્થિર થાય નહિ. તમારે સાધુને આદર થકી માનવા. વ્યવહારે ગરીબ હોય છતાં જો તે ધર્મવાળો હોય તો તેનું શ્રેષ્ઠપણુ સમજી તેના સંગમાં રહેવું. પરંતુ શ્રીમંત હોય ને વર્તમાન ધર્મ ન પાળતો હોય તો તેના સંગનો દૂરથી જ ત્યાગ કરવો.''



**''આચાર્ય તો ધર્મ થકી જ શોભે, શોભે નહિ દ્રવ્ય વિશેષ લોભે;**
**આચાર્ય જો વૈભવથી મનાય, તો સર્વ શ્રીમંત જનો પૂજાય.''**

''તમે ધર્મવાળાઓનો સદા સંગ રાખજો. વર્તમાન લોપનારા પાપી જનોથી દૂર રહેજો. ધર્મદેવ તો સાક્ષાત્ મારા પિતા છે, જેથી તેમના (ધર્મના) શત્રુ જે અધર્મી મનુષ્યો, તે તો મને દીઠા પણ ગમતા નથી. જે ધર્મવાળા છે તેજ મારા સગાવહાલા છે. બહાર દુનિયામાં ગુરુઓ છે, પરંતુ તમે તો મારા પદ ઉપર મારા સ્થાન ઉપર આવેલા છો, માટે મને પ્રિય એવું શુદ્ધ બ્રહ્મચર્ય તમારા આશ્રમનાં ધર્મ પ્રમાણે યથાશાસ્ત્ર પાળજો ને તમારા સર્વે સમાશ્રિતો પાસે પળાવજો. તમે તમારા દરેક આશ્રિત માત્રની ધર્મરક્ષા કરજો ને મહામંદિરોમાં તથા હરિમંદિરોમાં સ્થાપિત દેવની સેવા સ્વયં કરજો. આ કર્તવ્યાર્થમાં જ સમગ્ર સંપ્રદાયની શોભા છે. તમારી સારપે સંપ્રદાયમાં સર્વેની સારપ કહેવાય. માટે નિષ્કામરૂપ ધર્મ બ્રહ્મચર્ય તમારે વિષે અવશ્ય જોઈએ. આચાર્ય પત્ની, જે આચાર્યશ્રી પાસે દીક્ષા લઈ, આચાર્યશ્રીની આજ્ઞાથી સમાશ્રિત સ્ત્રી વર્ગને જ દીક્ષા આપે કે ઉપદેશ આપે. એમની 'મોટપ' પણ આચાર્યશ્રી જેવીજ હોય છે. એમની સારપે સર્વ સમાશ્રિત સ્ત્રી વર્ગની સારપ છે. તો એમને વિષે પણ નિષ્કામરૂપ ધર્મ અવશ્ય જોઈએ જ.'' આમશ્રી સ્વામિનારાયણ ભગવાને કેવા આત્મવિશ્વાસથી આ દિવ્યપદ ધર્મકુળમાં સ્થાપન કર્યું છે ! એમણે તો ભારપૂર્વક જણાવી દીધુ છે કે-

''संपन्नोऽपि गुणैः सर्वैः धर्मवंश्यो न चेत्तु यः ।
स गुरुर्नैव कर्तव्यः संसृते र्मुक्तिमिच्छता ॥''

''ગુરુના સર્વે ગુણોથી સંપન્ન હોવા છતા જો, તે ધર્મવંશીય ન હોય તો જન્મમરણ સંસૃતિથી મુક્તિ ઈચ્છતા મુમુક્ષુએ તેમને ગુરુ ન કરવા.'' (શ્રી સત્સંગિજીવન પ્ર.૪૬, શ્લોક : ૨૩)

શ્રી સ્વામિનારાયણ ભગવાન તો સર્વાવતારી છે. પૂર્ણ પુરુષોત્તમછે. તેમનું પદ એ કેવળ 'આચાર્યપદ' નથી. પરંતુ 'પરમેશ્વરપદ' છે જયારે શ્રીશંકરાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય વિગેરે જ્યોતિર્ધરોનું પદ 'આચાર્ય પદ' હતું. શ્રી સ્વામિનારાયણ ભગવાન તો પોતાના આશ્રિતોના ગુરૂ ને ઉપદેષ્ટા છે. (વચનામૃત વડતાલ-૧૮) તેમજ ભગવાન પણ હતા અને છે. (વચનામૃત ગઢડા મધ્ય-૩૫) જ્યારે શંકરાચાર્ય, શ્રી વલ્લભાચાર્ય, શ્રી રામાનુજાચાર્ય એ પરમાત્માના માર્ગના ગાઈડપથદર્શક હતા. આ તો અક્ષરધામના અધિપતિ સ્વયં આ લોકમાં પધાર્યા છે.

**''સહુ ઉપર એ શ્રીહરિ, એની ઉપર નહિ કોઈ એક;**
**પૂરણ બ્રહ્મ પુરુષોત્તમપોતે, એના આધારે બીજા અનેક.''**

(સારસિદ્ધિ)

આવા શ્રીહરિએ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈ આ કુળને ઉજાળ્યું. માટે જ, ધર્મકુળ પ્રાતઃસ્મરણીય અને વિશ્વવંદ્ય કહેવાય છે. શ્રીહરિતો શ્રીમુખે કહે છે :

**''જેવું અમારુ કુળ મનાશે રે, તેને તુલ્ય બીજુ કેમથાશે રે.''**

આ અયોધ્યાવાસીની ખબર રાખવા શ્રીહરિએ ભલામણ પણ કરી છે અને કહ્યું છે... ''એ અયોધ્યાવાસી બહુ વિશ્વાસી છે; માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જશે; તે સારું એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામકરવા દેવું; પણ કોઈક એક જણને કહ્યે કરવા દેવું નહિ. એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીએ અયોધ્યાવાસીની ખબર રાખવી એમઅમારી આજ્ઞા છે.'' (વચનામૃત અમદાવાદ-૩)

આમશાસ્ત્રસિદ્ધ રીતે ધર્મકુળનું મહત્ત્વ અજોડ છે. ધર્મવંશી અયોધ્યાવાસીએ તો પોતાનું જીવન સંપ્રદાયની વેદિકા ઉપર ન્યોચ્છાવર કરેલું છે, એટલું જ નહિ પરંતુ પોતાનો દેહ, ધન-ધામ, કુટુંબ-પરિવાર પ્રકટ પ્રભુની સેવામાં જોડી દઈ, પોતાનું સમગ્ર જીવન સત્સંગપરાયણ કરી દીધુ છે, (વચનામૃત અમદાવાદ-૧૩). એવા ધર્મવંશી અયોધ્યાવાસીને શ્રીસ્વામિનારાયણ ભગવાને આ દિવ્ય સંપ્રદાયની દિવ્ય ગાદી દિવ્ય ધર્મધુરા સોંપેલી છે. પોતાના આ દિવ્ય પદ ઉપર આરૂઢ થનારાઓમાં પોતાનું તેજ, ઐશ્વર્ય અને સામર્થ્ય મૂકી તે સર્વે એમનામાં કાયમરહે તે માટે રસસ્વરૂપ શિક્ષાપત્રી (સ્વવાણી)માં મુખ્ય સેવક તરીકે આ ઉભય આચાર્યને ઉદ્દેશ્યા છે. ભગવાન પોતાનું પરમેશ્વર પદ જે વ્યક્તિને આપે તે પરમાત્માના પ્રતિનિધિ, સર્વગુરુના ગુરુ તરીકે વંદનીય છે અને પુજનીય છે, હાલમાં વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવના દેશની ગાદી ઉપર ભગવાન શ્રીહરિના આઠમા વંશજ **પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** બિરાજી રહ્યા છે. તો સત્સંગ સમસ્ત, ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીમાત્રનું પરમપવિત્ર કર્તવ્ય છે કે શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે ધર્મવંશી આચાર્યને જ ધર્મથી અનુસરવું અને પોતાના જીવનું કલ્યાણ કરવું.

**શાસ્ત્ર પરિચય ચિંતન - ૩**

સ્વામી કૈવલ્યસ્વરૂપદાસજી (સરધાર)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત ૨૩ ગ્રંથ પૈકીનો એક અજોડ ગ્રંથ

# પુરુષોત્તમ પ્રકાશ વિવેચન



## પ્રકાર - ત્રીજો

**રાજત મસ્તક દિવ્ય અતિ, કિરિટ મુગટ કમનીય;**
**અતિ ચતુરાઈએ જુક્ત છે, શોભા સરસ બનીય.**

ધ્યાન ધરવા માટે મૂર્તિનું વર્ણન કરે છે. સુંદર મુગટ ધાર્યો છે જેનું નામ 'કિરીટ' મુગટ છે ત્રિલોકથી ન્યારો ધાર્યો છે. અદ્‌ભુત શોભા બની રહી છે તે જોઈને સંતોના મુખમાંથી શબ્દસરિતા વહેવા લાગી :-

**મને પ્યારી લાગે મૂર્તિ તમારી ઘનશ્યામજી પ્યારી.**
**કુંકુમનો ચાંદલોને ભાલે તિલક વચ્ચે,**
**હાંરે. તમે ભાળોને ભ્રમણા ભુલાવી...ઘનશ્યામજી.**
**કાને કુંડળ હરિને માથે મુગટ શોભે, હાંરે કંઠે ધારી**
**માણેક જડી માળા...ઘનશ્યામજી.**

એકવાર શ્રીજી મહારાજ ગઢપુરમાં વાસુદેવ નારાયણના ઓરડે ઉઘાડે શરીરે બેઠેલા હતા. નૃસિંહાનંદ સ્વામી વગેરે સંતો મૂર્તિનું (પ્રત્યક્ષ)નું સુખ લેતા હતા ત્યારે તે સંતોએ પૂછ્યું કે આવુ ને આવુ સુખ કેમઆવે. એ વખતે શ્રીજીમહારાજ કહે : ''ત્રણ ગુણને લઈને સુખ આવતુ નથી, પણ આ મૂર્તિ જીવમાં જ ઉતારો તો કારણ શરીર નાશ થાય; પછી સુખ આવે. જેમનારદજીના કહેવાથી ઈંદ્રે વામનજીની મૂર્તિમાં વૃત્તિ રાખી તો બ્રહ્મહત્યા છેટે રહી તેમ.'' માટે મૂર્તિમાં વૃત્તિ રાખવાનું સંતો પાસેથી શીખી મૂર્તિ જોયા જ કરવી. સ્વામી લખે છે કે મુગટની શોભા જોઈ ધામના મુક્તોના મન મોહી ગયા ને મુક્તો ફરતા વિટાઈ વળ્યા. વળી માયાને દૂર કરવાનો શ્રેષ્ઠ ઉપાય સ્વામી પંક્તિ દ્વારા બતાવે છે :-

**કર્યુ કેશર તિલક ભાલ રે, વચ્ચે કુંમકુંમચંદ્રક લાલ રે; શોભે અધર અરૂણ પ્રવાલ રે, મૃગમદની ટિબકડી છે ગાલરે. શરદઋતુ તણુ જે કમળ રે, પરમપુનિત અરૂણ અમળ રે; તેની પાંખડી સરખા શોભિત રે, અણિયાળા લોચન ચોરે ચિત્ત રે.**

નેત્રમાંથી અવિરત અમૃતની વર્ષા(ધારા) થાય છે તેનું પાન કરતા સંતો-ભક્તો તૃપ્ત નથી થતા, જે ધારાથી ભીંજાયેલા સંતો ગેલમાં આવીને અદ્‌ભુત શબ્દચરિત્ર ખડુ કરે છે :-

**મારે અમૃત વર્ષા મેહ, થઈ અનુરાગી રે; મારી**
**તમસંગે ત્રિભુવનરાય, લગની લાગી રે.**
**મુને મુખથી દિધો તંબોળ, હસીને બોલાવી રે;**
**મારા મનની ઈચ્છા આજ, સઘળી ફાવી રે.**
**તોય અધર અમૃતથી નાથ, હું ન ધરાઉ રે;**
**વા'લા નિત્ય નૌતમ શણગાર, સજી સુખ આપો રે.**

સુંદર કંઠમાં કૌસ્તુભમણી શોભે છે, શિતળ ચંદન અંગમાં ચર્ચ્યુ હોય, વીસે આંગળીઓમાં વેઢ-વિંટિયો શોભતી હોય. ક્યારેક-ક્યારેક (ઉનાળાના સમયે) મોગરો-માલતી-ચંપો-ચમેલી-કેવડો-બોરસડી-પારિજાત-કમળ-કેસર-સેવતી-ગુલછડી-ગલ-ગુલદાવદી-ગુલાબાદિ પુષ્પોના વસ્ત્રાભૂષણ સર્વે અંગોમાં શોભતા હોય. રાધા-લક્ષ્મી સેવામાં હોય તેવી મૂર્તિ જો ધારવામાં આવે ને તેમાં જો રસ જણાય તો જગત-પંચવિષય તથા વ્યસનો છોડવા ન પડે છૂટી જાય.

એકવાર બ્રહ્માનંદ સ્વામીએ પ્રાર્થના કરી : '' હે મહારાજ ! આપશ્રી ગોકુળમાં મોરલી વગાડતા તેવુ ચરિત્ર આપ અમોને બતાવો તો આનંદ ઉપજે ને તે પ્રમાણેના કીર્તન કરતા સુખ આવે.'' ત્યારે સ્વામીને મહારાજે કહ્યું : ''કોઈ વખત વેણુ વગાડીને આનંદોત્સવ કરાવીશું.'' પછી કરિયાણામાં મહારાજે વેણુ હાથ લીધી. કંઠે કાળો કામળો ધર્યો. કાળુભાર નદીનાં કિનારે વાંસળી વગાડી તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કિર્તનો કર્યા :-

**આજ ગઈતી કાલીંદ્રીને તીર રે ભરવાને પાણી રે,**
**ત્યાં તો જોયા મેં બળભદ્ર વીરરે મોહન દાણી રે,**

સ્વામી કહે છે : મહારાજે એ વખતે અદ્‌ભુત વાંસળી વગાડેલી જેને સાંભળતા નદીના નીર સ્થંભી ગયા હતા. પ્રકૃતિનું વાતાવરણ ફરી ગયુ હતુ. સ્વામીએ લખ્યુ છે :-

**કરે મધુરે મધુરે સ્વર ગાન રે, સુણી શ્રવણ છુટ્યા મુનિધ્યાન રે; સપ્ત સ્વર સરસ ત્રણ ગ્રામરે, એકવીશ મુર્છના વિશ્રામરે. તાળ કાળ માન ગતિ જાણિરે, બાવિશ સુરતિના ભેદ આણિ રે; આરોહિ અવરોહિ લે છે રે, અસ્તાઈ સચાઈ કે'છે રે. છો રાગ ને બત્રીશ રાગણી રે, છતરિશ કે'છે કવિ ભણી રે; તેના નામરીતુ સ્વર તાલ રે, વસ્ત્ર ભૂષણ રૂપ રસાલ રે. એમવેણુમાં ગાયે વિહારી રે, સુખ આપે છે શ્રી ગિરધારી રે; એમગોપગોપીના નાથ રે, શ્રીદામાદિ સખા છે સાથ રે.**

લાલ ઘીલોડા જેવા અધર (ઓષ્ઠ) ઉપર સુંદર વેણુ ધારી છે પગની આંટી લીધી ને નેત્રોને સે'જ કરૂણા ભીના કરીને ધીમે-ધીમે ફુક મારીને સુંદર અવાજ નીકળ્યો. જેનું વર્ણન સ્વામીએ કર્યું છે. જે વેણમાં સાતેય સ્વરો પ્રથમબજાવ્યા. **સા. રે. ગ. મ. પ. ધ. નિ.** આ સાત સ્વરોને છેડ્યા પછીથી સ્વામી કહે ત્રણ ગ્રામને વજાડ્યા. ત્રણ ગ્રામના નામઆ પ્રમાણે છે. ષડજ ગ્રામ-એટલે 'સા', મધ્યમગ્રામએટલે 'મ', અને ગાંધાર ગ્રામએટલે 'ગ' ત્યાર પછી એકવીશ મૂર્છના વગાડી.

**હવે જોઈએ મૂર્છના એટલે શું ?** ગાયન શાસ્ત્રના મત પ્રમાણે જેના વડે રાગ મૂર્છા પામે છે એટલે કે વધે (વિસ્તાર) અને વ્યાપે તે મૂર્છના કહેવામાં આવે છે. આ શબ્દના અર્થ પ્રમાણે એવી સ્વર રચના કરવામાં આવે છે કે જેથી કરીને રાગ વધે તેનો પ્રદેશ વધારે વિસ્તારવાળો થઈ શકે અને એ વિસ્તારથી સાંભળનારને આનંદ કે મોહ ઉત્પન્ન થાય, તેને મૂર્છના કહેવાય છે. વળી સંગીત રત્નાકરમાં તેને માટે એવી રીત આપી છે કે 'પાંચ- - છ' કે 'સાત' એમઆપણી મરજીમાં આવે તેટલા સ્વરો લઈને તેમનો ક્રમેથી જે આરોહ-અવરોહ કરવામાં આવે તે મૂર્છના કહેવાય છે. હનુમાનના મત પ્રમાણે : એક સ્વરનું તેની જોડેના સ્વર સુધી જઈ વિરામપામવુ તેને મૂર્છના ગણવામાં આવે છે. ભરતના મત પ્રમાણે :- ગાયનમાં અથવા વાજિંત્રમાં સ્વરને જે કંપાવવો તે મૂર્છના ગણાય છે. એક મત એવો છે કે ગ્રામના સાતમાં ભાગનું નામમૂર્છના છે. ''ભરતના મત પ્રમાણે ગાતી વખતે ગળાને કંપાવવાથી જ મૂર્છના થાય છે. કોઈ-કોઈનો મત એવો પણ છે કે સ્વરના સૂક્ષ્મવિરામને જ મૂર્છના કહેવાય છે, મત કોઈપણ લઈ શકો પરંતુ ત્રણ રાગની મૂર્છના કુલ એકવીસ થાય છે તેમાં પણ કોઈ-કોઈ સંગીતજ્ઞોએ તેને વિભાગ પાડીને પ્રતિપાદન કરેલ છે ને કોઈ એમજ સીધુ જ ગણે છે. તેમાં વિભાગ આ પ્રમાણે છે. બે મત પૈકી પહેલો મત :-

- ષડજ ગ્રામની મૂર્છનાના નામઃ લલિતા-મધ્યમા-ચિત્રા-રોહિણી-મતગંજા-સૌવીરી અને ષડ્મધ્યા.
- મધ્ય ગ્રામની મૂર્છનાના નામઃ પંચમા-મત્સરી-મૃદુમધ્યા-શુદ્ધા-અંતા-કલાવતી અને તીવ્રા.
- ગાંધાર ગ્રામની મૂર્છનાના નામઃ રૌદ્રી-બ્રાહ્મી-વૈષ્ણવી-ખેદરી-સુરા-નાદાવતી અને વિશાલા.

બીજા મત પ્રમાણે મૂર્છનાઓના નામઅનુક્રમે આ પ્રમાણે છે.

(૧) ઉત્તરમુદ્રા (૨) રજની (૩) ઉત્તરાયણી (૪) શુદ્ધ ષડ્જા (૫) મત્સરી ક્રાંતા (૬) અશ્વક્રાંતા (૭) અભિરુદ્રતા (૮) સૌવીરી (૯) હરિણાશ્વા (૧૦) કપોલનતા (૧૧) શુદ્ધ મધ્યા (૧૨) માર્ગી (૧૩) પૌરવી (૧૪) મંદાકિની (૧૫) નંદા (૧૬) વિશાલા (૧૭) સોમપી (૧૮) વિચિત્રા (૧૯) રોહિણી (૨૦) સુખા (૨૧) અલાપી.

પછી સ્વામી કહે 'તાળ કાળ' તાલના સમયમાં જ વગાડવું વળી ૨૨ શ્રુતિના ભેદથી વગાડાતી શ્રુતિ કોને કહેવાય તો સંગીત શાસ્ત્રકારો કહે છે કે ધ્વનિ (અવાજ-નાદ)ના એક ભેદને શ્રુતિ કહે છે. શ્રુતિ બાવીસ છે એટલે અનુક્રમે :-

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨

સા રે ગ મ પ ધ નિ

આ ઉત્પત્તિ સ્થાન પ્રમાણે આહત (સ્થાનમાં) નાદના ત્રણ પ્રકાર માન્યા છે. તેમાં હૃદયનો તે મંદ્ર, કંઠનો તે મધ્ય અને માથાનો અવાજ તે તાર. એ પ્રમાણે દરેક સ્થાનથી જેટલા જુદી-જુદી જાતના નાદ (ધ્વનિ) અથવા (અવાજ) થઈ શકે તેને શ્રુતિ કહેવાય છે.

– સંસ્કૃત ભાષામાં જેને : હ્રસ્વ-દીર્ઘ - પ્લુત કહે છે.

વિદ્વાનોની માન્યતા પ્રમાણે ૨૨ શ્રુતિઓના સ્થાન જુદા છે. તે અનુક્રમે આ પ્રમાણે છે.

– તીવ્રા-કુમદ્વતી-મંદ-છંદોવતી, આ ચાર શ્રુતિ ઉપર ષડ્જ ('સા') સ્વરનું સ્થાન છે.

– દયાવતી-રંજની-રક્તિકા, આ ત્રણ શ્રુતિ ઉપર ઋષભ ('રે') સ્વરનું સ્થાન છે.

– રૌદરી-ક્રોધા, આ બે શ્રુતિ ઉપર ગાંધાર ('ગ') સ્વરનું સ્થાન છે.

– વ્રજિકા-પ્રસારિણી-પ્રિતિ-માર્જની, આ ચાર શ્રુતિ ઉપર મધ્યમ('મ') સ્વરનું સ્થાન છે.

**– ક્ષિતિ-રક્તા-સાંદીપિની-આલાપિની,** આ ચાર શ્રુતિ ઉપર પંચમ('પ') સ્વરનું સ્થાન છે.

**– મદંતિ-રોહિણી-રમ્યા,** આ ત્રણ શ્રુતિ ઉપર ધૈવત ('ધ') સ્વરનું સ્થાન છે.

**– ઉગ્રા-ક્ષોભિણી,** આ બે શ્રુતિ ઉપર નિષાદ ('નિ') સ્વરનું સ્થાન છે.

આ પ્રકારે મનને આકર્ષણ કરી સ્થિર કરવાના માધ્યમરૂપ સંગીતની વિવિધ કળાઓથી તેમજ વસ્ત્ર-આભૂષણની શોભાથી ભગવાન શ્રીહરિ ભક્તોને અનેરો આનંદ ઉપજાવે છે. આપણે પણ એ સલુણી છબી મહારાજના અલૌકિક અવર્ણનીય આનંદના ભોક્તા બનાય તેવો પ્રયત્ન જલદીથી કરવો જોઈએ. તે માટે સ્વામીએ આ તમામવર્ણન કરેલું છે.

॥ ત્રીજો પ્રકાર સમાપ્ત ॥

**(ક્રમશઃ)**

**વાણી-વિવેક ચિંતન-૪**

સાધુ નિર્દોષસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

# વાણીમાં વિવેક જરૂરી છે...

**ગંતાકથી ચાલું....**

'અંધના તો અંધ જ રહ્યા' - દ્રોપદીના આ શબ્દોને લીધે પાંડવો પર દુઃખનું આભ તૂટી પડ્યું. આ શબ્દોએ જ મહાભારતના યુદ્ધને નિમંત્રણ આપ્યું. લાખો માણસની હત્યા, એમના કુટુંબોની બરબાદી ! કેટલું નુકસાન ? કેવી ભયાનક હોનારત ? શબ્દના અવિવેકનું કેવું ભયંકર પરિણામ!!

જર્મનીના સરમુખત્યાર હિટલરના 'માઈન કાફ' પુસ્તકના શબ્દોથી લાખોની હત્યા થઈ છે.

આમ, એક કુટુંબના બે વ્યક્તિ વચ્ચેના ઝઘડાથી માંડીને વિશ્વના મહાયુદ્ધોમાં મુખ્ય નિમિત્તરૂપ જો કોઈ હોય તો આ 'શબ્દનો અવિવેક' છે. તેથી શબ્દના ઉપયોગમાં ખૂબ જ વિવેક રાખવો ઘટે.

જીવનમાં જેમતેમદોડવામાં પ્રગતિ નથી. પરંતુ વિવેક પૂર્વકની ગતિમાં જ પ્રગતિ છે. માનવને મળેલ જીભ પર જો અંકુશ હોય તો તે જીભ વરદાનરૂપ સિદ્ધ થઈ શકે છે. અને એ જ જીભ પર જો અંકુશ ન હોય તો તે ભયંકર હોનારથ સર્જે છે.

શબ્દોમાં પ્રચંડ તાકાત રહેલી છે. શબ્દો ઘા પણ કરી શકે છે, અને શબ્દો ઘા પર મલમનું કામપણ કરી શકે છે. શબ્દોનાં ઘા તલવારના ઘા કરતા પણ વધારે કાતિલ હોય છે.

જીવનમાં વિકાસને ચાહતા હો, તો વાણી પર અવશ્ય સંયમરાખવો જોઈએ. જે માનવી વિચારી વિચારીને બોલે છે તેને પસ્તાવાનો વારો આવતો નથી. અને જે માનવી જેમતેમબોલી જાય છે તેને સમય જતા અવશ્ય પસ્તાવું પડે છે. વાણીમાં માધુર્ય હોવું જોઈએ. પ્રેમઅને વિવેકસભર બોલેલા શબ્દો દુશ્મનને પણ દોસ્ત બનાવી શકે છે. જે વ્યક્તિ અવસર જોઈને બોલે છે, એના દરેક શબ્દની કિંમત થતી હોય છે.

તેથી એક કવિ કહે છે :

**'શબ્દ બરાબર ધન નહિ, જો કોઈ જાને બોલ;**
**હીરા તો દામે મિલે, શબ્દ ન મોલ ન તોલ.'**

ચાર ચીજ કદી પાછી ફરતી નથી. બોલેલો બોલ, ફેંકલું તીર, વીતેલ સમય અને ગુમાવેલી તક. ઔષધની કડવાશ રોગને હરે છે અને જીભની કડવાશ સ્નેહને હરે છે. પેટમાં ગયેલ ઝેર કરતાં કાનમાં ગયેલ ઝેર વધુ ખતરનાક છે, માટે વિચારીને બોલવું. ખરાબ વાણી બોલવાથી કેવું પરિણામઆવે છે તે તો સહુ કોઈ જાણે છે. આપણે કોઈ વ્યક્તિને ગાળ દઈએ તો તુરંત આપણને તે વ્યક્તિ સામી ગાળ દે અને સમર્થ હોય તો મારે પણ ખરા. અને આપણે કોઈ વ્યક્તિને મીઠી વાણીએ બોલાવીએ તો તેઓ પણ આપણને પ્રેમસહિત મધુરવાણીએ બોલાવે. તેથી જ કહ્યું છે કે :-

**લક્ષ્મી વસતી જીહ્વાગે, જીહ્વાગ્રે મિત્ર બાંધવઃ ।**
**જીહ્વાગ્રે બંધન પ્રાપ્તં, જીહ્વાગ્રે મરણં ધ્રુવમ્ ॥**

**પ્રિય વાક્ય પ્રદાનેન, સર્વે તુષ્યન્તિ જન્તવઃ ।**
**તસ્માત્ પ્રિયંહિ વક્તવ્યં, વચને કા દરિદ્રતા ॥**
**તુલસી મીઠે બચનસે, સુખ ઉપજત સહુ ઓર ।**
**યેહિ બસીકરન મંત્ર હે, તજીએ બચન કઠોર ॥**

જીભની અંદર જ લક્ષ્મી, મિત્ર અને સંબંધીઓનો નિવાસ કહ્યો છે અને જીભની અંદર જ બંધન અને મૃત્યુ પણ રહેલું છે. અર્થાત્ જીભ જો સારી વાણી બોલે તો ધનની પ્રાપ્તિ થાય છે તથા મિત્રમંડળ અને સગાઓ પણ સન્માન આપે છે. અને જીભ દ્વારા ખરાબ બોલાય તો જેલમાં જવું પડે છે અને કોઈ ઝનુની માણસને ગાળ દીધી હોય તો મારી પણ નાખે છે. માટે કહે છે કે પ્રિય વાક્ય બોલવાથી તમામજીવપ્રાણીમાત્ર સંતોષ પામે છે, તો પછી શું કામમીઠી વાણી ન બોલવી ? મીઠી વાણી બોલવામાં શું કામગરીબાઈ રાખવી ? અર્થાત્ સારી વાણીથી સર્વેને બોલાવવા. તુલસીદાસજી પણ કહે છે કે - મધુરવાણી બોલવાથી સાંભળનાર બધાને સુખ ઉપજે છે, લોકોને વશ કરવાનો વશીકરણ મંત્ર મધુરવાણી જ છે. માટે કઠોરવાણીનો ત્યાગ કરવો જોઈએ.

શિકાગો શહેરમાં સ્વામી વિવેકાનંદ આવ્યા હતા અને તેમને પ્રવચન આપવામાં આવ્યું ત્યારે તેઓ પ્રથમશબ્દ અંગ્રેજીમાં બોલ્યા : ''માય બ્રધર્સ એન્ડ સીસ્ટર્સ'' મારા ભાઈઓ તથા બહેનો, બસ આટલા જ શબ્દો બોલ્યા ત્યાં તો અમેરિકન લોકોએ સતત બે મિનિટ સુધી તાળીઓ પાડીને તેઓનું બહુમાન કર્યું હતું. આ મધુરવાણીનો પ્રતાપ છે.

વાણીમાં ખૂબ તાકાત રહેલી છે. એકવાર મુખમાંથી નીકળ્યા પછી તે પાછી આવી શક્તી નથી, માટે સમજુ માણસે સ્નેહપૂર્વક વાણીનો ઉપયોગ કરવો જોઈએ. કોઈપણ વ્યક્તિને કાંઈ પૂછવું હોય અથવા તો સામેની વ્યક્તિને જવાબ આપવાનો હોય ત્યારે પહેલાં મનમાં વિચાર કરીને પછી જ બોલવું જોઈએ. ઘણીવાર ઉતાવળિયા સ્વભાવને કારણે બોલ્યા પછી પસ્તાવું પડતું હોય છે, તેથી વિવેકની ખૂબ જરૂર છે. વિવેકપૂર્ણ વાણીને કારણે માણસ સન્માનને પાત્ર બની જતો હોય છે.

આપણે કોઈને શબ્દ આપીએ તો ફૂલની જેમઆપવા જોઈએ અને બીજાના સ્વીકારીએ ત્યારે અત્તરની જેમસ્વીકારવા જોઈએ. આવા પ્રકારના વિવેકની વિચારસરણીનો અમલ જીવનને ધન્ય બનાવી દે છે અને અશાંતિના વાતાવરણને તુરંત જ વિખેરી નાખે છે.

**(ક્રમશઃ)**

**તીર્થ મહિમા ચિંતન-૪**

લેખક :- પૂ. પુરાણી શ્રી શ્રીહરિદાસજી
વડતાલ (હાલ - વરજાંગ જાળિયા કોઠારીશ્રી)

### સોરઠ દેશનું પંચતીર્થી ધામઃ વરજાંગ જાળિયા

**સંક્ષિપ્ત ઇતિહાસ :**

# શ્રીહરિનું મંદવાડ ગ્રહણ સ્થાન

**ગંતાકથી ચાલું....**

**- આ ગાડાને ખેંચીને લાંબું કરો**

સાંજે રતનબાઈ રાબ કરીને લાવ્યા. મહારાજે થોડી પીધી. પછી કહ્યું : ''હવે અમારે ગઢડે જવું છે તો ગાડું લાવો.'' બધા વિચારમાં પડી ગયા કે આ સ્થિતિમાં ગઢડા સુધી મુસાફરી કેમકરાવવી ?

પણ મહારાજે હઠ લીધી. આથી ગાડું લઈ આવ્યા. તેમાં ગાદલાં પાથર્યાં, આજુબાજુ તકિયા ગોઠવ્યા, ગાલમસૂરિયા મૂક્યા અને મહારાજ તેમાં પોઢ્યા. એકાએક મહારાજે કહ્યું : ''ભગુજી ! આ ગાડું તો ટૂંકું પડે છે, મારા પગ બહાર રહે છે માટે ગાડાને ખેંચો.''

ભગુજીએ તરત જ એક-બે સેવકોને બોલાવી ગાડું ખેચ્યું એટલે મહારાજે કહ્યું : ''બસ, હવે બરોબર થઈ ગયું.' આમ, મહારાજ ગઢપુર જવા ઉપડ્યા.

થોડું ચાલ્યા અને ગાડાનાં કડાં ખખડ્યા. એટલે મહારાજ ચમક્યા. તેમણે કહ્યું : ''ગાડું ઊભું રાખો. આમાં કાંઈક દગો હોય એવું લાગે છે.'' એમકહીને મહારાજે કહ્યું : ''મારે આ ગાડામાં બેસવું નથી.'' અને તરત જ ઊતરવા લાગ્યા. બે સેવકોએ મહારાજને પકડી રાખ્યા. મહારાજે કહ્યું : ''આમઅમને પકડી શું રાખો છો ? ડોળી લાવો.'' તરત જ ગામમાંથી ડોળી તૈયાર કરીને લઈ આવ્યા. મહારાજની આ બધી વિચિત્ર ક્રિયાથી મુક્તાનંદ સ્વામીના અંતરમાં અત્યંત દુઃખ થતું હતું. તેમને થયું કે મહારાજ હજુ સાજા થયા નથી.

ડોળી આવી અને મહારાજ તેમાં બિરાજ્યા. ડોળી આગળ ચાલી. ગામમૂરખડા ત્યાંથી થોડું જ છેટું હતું, પણ તે પહેલાં તો મહારાજે ડોળીમાં એટલો બધો ભાર મૂક્યો કે ઉચકનારા થાકી ગયા. તેમણે ડોળી જમીન ઉપર મૂકી દીધી. મહારાજે પૂછ્યું : ''કેમડોળી જમીન ઉપર મૂકી ?''

એટલે ભગુજીએ કહ્યું : ''મહારાજ ! ઉચકનારાને ભાર લાગ્યો છે એટલે થોડી વાર થાક ખાય છે.''

''એમાં ભાર શેનો લાગે ? અમે તેર દિવસથી તો કાંઈ જમ્યા નથી.'' મહારાજે કહ્યું. એટલે ભગુજીએ ડોળી ફરી ઉપડાવી. પોતે તથા બીજા પાર્ષદોએ પણ ઉપાડી અને સૌ ગામમાં પહોંચ્યા.

મહારાજે અહીંના લુહાણા હરિભક્તને બોલાવ્યા. તેઓ દોડતા આવ્યા. મહારાજના દર્શન થયાં એટલે એકદમરાજી થઈ ગયા. મહારાજે તેને કહ્યું : ''આ અમારી ડોળી ઉપાડનારા ડોળી ઉપાડીને થાકી ગયા છે તો તેમને ગોળ ખવરાવો.'' તરત જ તે હરિભક્ત દોડ્યા. ઘેરથી ગોળ લઈ આવ્યા. મહારાજે ડોળી ઉપાડનારાને ગોળ ખવરાવ્યો. પછી ત્યાંથી નીકળી ઉપલેટા પધાર્યા.

ઉપલેટામાં મહારાજ આમલીની ઘટામાં ઊતર્યા. અહીં ભગુજીને કહ્યું : ''તમે ગઢપુર જાવ અને ત્યાંથી ગાડું લઈ આવો.''

આ સાંભળી ભગુજી મૂંઝાયા. ગઢડા ત્યાંથી સાઠ ગાઉ થાય. ત્રણ-ચાર દિવસે પાછા ફરાય. મહારાજને આમએકલા મૂકીને ત્યાં કેમજવું ? અને મહારાજ પણ લીધી હઠ અત્યારે મૂકશે નહીં. તેમણે વેરાભાઈને કહ્યું : ''તમે ગામમાંથી સારું ઘોડું લઈને ગઢડા જાવ. દાદાખાચરનું સગરામજોડાવીને લાવો. સગરામના બળદ સારા છે જે દિવસના ચાલીસ ગાઉ ચાલે છે. ગઢડા અહીંથી સાઠ ગાઉ છેટું છે, પણ તમે બે દિવસમાં અહીં પહોંચી જાવ.''

ત્યાંના હરિભક્તોનો ઘોડો લઈને વેરાભાઈ ત્યાંથી તરત જ નીકળી ગયા.

બે દિવસે સિગરામલઈને વેરાભાઈ પહોંચી ગયા. સાથે બંધિયાના જેસોજી ગરાસિયા જે મહારાજની સેવામાં પાર્ષદ તરીકે રહ્યા હતા તે પણ આવ્યા. મહારાજને તેમાં બેસાડ્યા અને ઉપલેટાથી સૌ નીકળ્યા. ત્યાંથી ઝાંઝમેરમાં ખજૂરીઓ નીચે ઊતર્યા. અહીં જાળિયાથી નગો બાબરિયો આવ્યો હતો.

નગા બાબરિયાએ જાળિયામાં મહારાજની સેવા તો કરી પરંતુ મહારાજના મનુષ્ય ચરિત્ર જોઈ તેને મહારાજના શંકા થઈ હતી. મહારાજ તે જાણતા હતા અને સમજતા હતા કે એનું ગજુ એવી લીલા જીરવવાનું હતું નહીં. પરંતુ તેણે ભક્તિભાવથી પોતાની સેવા કરી હતી એટલે મહારાજને પોતાના ભગવાનપણાની તેને ઓળખાણ કરાવી તેનું કલ્યાણ કરવું હતું. મહારાજે નગા બાબરિયાને પોતાની પાસે બોલાવ્યો.

**- નગા બાબરિયાને વિરાટ સ્વરૂપનાં દર્શન**

તે આવ્યો ત્યારે મહારાજે ઢોલિયામાં બિરાજમાન થયા હતા. નગા બાબરિયાએ મહારાજને હાથ જોડ્યા અને તરત જ તે સ્તબ્ધ થઈ ગયો ! તેને મહારાજનું વિરાટ સ્વરૂપ દેખાયું. તે ગભરાયો અને ત્યાંથી દોડવા માંડ્યો. તેને દોડતો જોઈ મહારાજે પાર્ષદને કહ્યું : ''એ બાબરિયાને આંહીં બોલાવો.''

તે આવ્યો. એટલે મહારાજે તેને પૂછ્યું : ''નગા બાબરિયા ! તમે કેમભાગ્યા હતા ?''

ત્યારે તેણે કહ્યું : ''મહારજ ! આપ ભગવાન છો પરંતુ જાળિયામાં આપની લીલા જોઈ આપના સ્વરૂપમાં મને શંકા થઈ હતી. આજે આકાશ ભરાઈ જાય એવું આપનું સ્વરૂપ મેં જોયું. તે વિરાટ સ્વરૂપ જોઈને મને બીક લાગી.''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''એમાં તમારો કાંઈ વાંક નથી. અર્જુન પણ એ વિરાટ સ્વરૂપ જોઈને બી ગયા હતા.''

નગા બાબરિયાને મહારાજના સ્વરૂપનો પાકો નિશ્ચય થઈ ગયો !

દોષ નિરૂપણ ચિંતન-૧

પાર્ષદ જનમંગલ ભગત
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
(સરધાર)

# મોહનવરને માન સંગાથે વેર...

સદ્. મુક્તાનંદ સ્વામી પોતાના કીર્તનમાં મુમુક્ષુ જીવાત્માને અતિ આવશ્યક એક વાત બતાવે છે :

**સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,**
**મોહનવરને માન સંગાથે વેર જો,**
**સાધન સર્વે માન બગાડે પળ વિષે,**
**જેમ ભળિયું પયસાકરમાં અહિ ઝેર જો....સાંભળ**

જેમસુંદર મજાનું દૂધ હોય પરંતુ તેમાં જો થોડુંક ઝેર ભળી જાય તો તે નકામું થઈ જાય છે, તેમઅનેક સાધનો પરમાત્માને રીઝવવા માટે કર્યા હોય પણ જો એક માનરૂપી ઝેર જીવનમાં આવે તો એક પળમાં સર્વે સાધન બગડી જાય છે. અર્થાત્ તે સાધનોથી પ્રાપ્ય ભગવાનનો રાજીપો મળી શકતો નથી.

માન એટલે અહંકાર. અર્થાત્ 'હું'પણાનું અભિમાન કે અહમ્. માનવૃત્તિ માટે દેહાભિમાન, મિથ્યાભિમાન, અટંટપણું, અકક્ડપણું, સ્તબ્ધપણું દર્પ, ગર્વ, ગુમાન, મદ વગેરે વપરાતા અન્ય પણ સમાનાર્થી શબ્દો છે.

આપણા ભારતીય શાસ્ત્રો એમસમજાવે છે કે માનવના જીવનમાં જો કોઈ પડતીને પમાડનાર હોય તો તે માન જ છે. માનવજીવનમાં અનેક પ્રકારના અંતઃશત્રુઓ રહેલા છે. પણ માન છે તે મોક્ષમાર્ગનો મહાન વિરોધી છે. જેમમનુષ્યના જીવનમાં આળસ જેવો કોઈ મોટો શત્રુ નથી તેમઆ લોક અને પરલોકમાં સુખી થવાની ઈચ્છાવાળાને માન જેવો કોઈ શત્રુ નથી. જેમનાનકડો હાથ આંખ આડો રાખવામાં આવે તો પૃથ્વીથી તેર લાખ ગણો મોટો ગણાતો સૂર્ય પણ દેખાતો નથી. તેમબીજાના અનેક સદ્ગુણો હોય પણ માનરૂપી પડદો આવતા એ ગુણો દેખાતા નથી.

